RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૦ વૈશાખ સુદ - ૪   શનિવાર, તા.૧૧-૦૫-૨૦૨૪   અંક : ૧૭૨ વર્ષ : ૨૧   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ધો. 10નું છેલ્લા 30 વર્ષનું રેકોર્ડબ્રેક 82.56% રીઝલ્ટ

## 100% પરિણામ સાથે ભાવનગર જિલ્લાનું તલગાજરડા અને અમદાવાદ ગ્રામ્યનું દાલોદ કેન્દ્ર ટોચ પર : ગત વર્ષ કરતા A1 ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર ગણી વધી

અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં યોજાયેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ આજે ૧૧ મે, ૨૦૨૪ને શનિવારે જાહેર કરવામાં આવ્યું છે.ધો.૧૦નું છેલ્લા પાંચ વર્ષમાં રેકોર્ડબ્રેક ૮૨.૫૬ ટકા રિઝલ્ટ આવ્યું છે. જ્યારે ગત વર્ષ ૨૦૨૩ કરતા ૧૭.૯૪ ટકા પરિણામ વધ્યું છે. આ વર્ષે એટલે કે ૨૦૨૪ના વર્ષનું છેલ્લા ૩૦ વર્ષનું રેકોર્ડબ્રેક રિઝલ્ટ આવ્યું છે. આ વર્ષે છોકરાઓ કરતા છોકરીઓએ બાજી મારી છે, ૨૦૨૩ કરતા આ વર્ષે ૧૭.૯૪ ટકા વધુ પરિણામ આવ્યું છે. સૌથી વધુ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા ૭૧ ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર ગણી વધી છે. ગત વર્ષે ૭૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧૧૧ હતી. જ્યારે આ વર્ષે ૭૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩,૨૪૭ પહોંચી છે.આ વખતે કુલ ૬૯૯૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમનું પરિણામ ૮૨.૫૬% આવ્યું છે. સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર - દાલોદ (જિલ્લો અમદાવાદ ગ્રામ્ય) ૧૦૦%, તલગાજરડા( જિલ્લો ભાવનગર) ૧૦૦% રહ્યા છે. જ્યારે સૌથી પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર રહ્યો છે જેનું પરિણામ ૮૭.૨૨% આવ્યો છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલલો પોરબંદર ૭૪.૫૭% રહ્યો છે. ૧૦૦% પરિણામ ધરાવતી શાળાઓની વાત કરીએ તો આ વખતે ૨૦૨૩ની તુલનાએ આવી સ્કૂલોની સંખ્યા વધીને ૧૩૮૯ને આંબી ગઈ છે જે ૨૦૨૩માં ૨૭૨ જ હતી. ૦% પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા આ વખતે ઘટી છે જે ૭૦ની આજુબાજુ છે.

## સંતરામપુરના પરથમપુરમાં આજે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ફરી મતદાન

### પરથમપુર એક બુથ પર ૭ મેએ બુથ કેપ્ચર કરવામાં આવ્યું હતું

દાહોદ,

દાહોદ લોકસભા બેઠકના સંતરામપુર તાલુકાના પરથમપુર બુથ પર ફરી મતદાન થઇ રહ્યું છે. પરથમપુર બુથ પર સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું છે જે સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે. ચૂંટણી પંચ દ્વારા બુથનું લાઈવ વેબ કાસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. મહત્ત્વપૂર્ણ છે કે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલા પરથમપુરના એક બુથ પર ભાજપના નેતાના પુત્ર દ્વારા ૭ મેએ ચૂંટણી દરમિયાન બુથ કેપ્ચર કરવામાં આવ્યું હતું.

## સર્જિકલ સ્ટ્રાઈક થઈ પણ હતી કે નહીં ? તેલંગાણાના મુખ્યમંત્રીએ ઉઠાવ્યા સવાલ

### ફરી એક વખત પુલવામા આતંકી હુમલા અને બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈકની ચર્ચા શરૂ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી વચ્ચે ફરી એક વખત પુલવામા આતંકી હુમલા અને બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈકની ચર્ચા શરૂ થઇ ગઇ છે. તેલંગાણાના મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા રેવંત રેડ્ડીએ જમ્મુ કાશ્મીરના પુલવામામાં થયેલા



આતંકી હુમલા અને તે પછી પાકિસ્તાનમાં ઘુસીને કરવામાં આવેલી બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવ્યા છે. તેલંગાણાના મુખ્યમંત્રીએ પુલવામા હુમલાને ઈન્ટેલિજન્સ ફેલિયર ગણાવતા કહ્યું કે ભાજપે સર્જિકલ સ્ટ્રાઈકનો રાજકીય ફાયદો ઉઠાવ્યો હતો.

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કહ્યું, "પુલવામા હુમલો IB અને ઈન્ટેલિજન્સનો ફેલિયર હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેના પર કઇ કર્યું નથી, તે બાદ સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી. સર્જિકલ સ્ટ્રાઈકનો ભાજપે ફાયદો ઉઠાવ્યો છે.

## કેજરીવાલ હનુમાન મંદિર, શનિ મંદિર અને નવગ્રહ મંદિર પહોંચ્યા

નવીદિલ્હી,

તિહાર જેલમાંથી બહાર આવ્યા બાદ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ શનિવારે દિલ્હીના કનોટ પ્લેસ ખાતે પ્રાચીન હનુમાનજીના મંદિર પહોંચ્યા હતા. કેજરીવાલે પત્ની સુનીતા સાથે હનુમાનજીની પૂજા કરી હતી. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ તેમની સાથે હાજર રહ્યા હતા..

હનુમાનજીના મંદિરમાં પૂજા કર્યા બાદ અરવિંદ કેજરીવાલ કનોટ પ્લેસ ખાતે શનિ મંદિર અને નવગ્રહ મંદિર પહોંચ્યા હતા. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ રાય અને સંજય સિંહે પણ હનુમાનજી મંદિરમાં પૂજા કરી હતી. મુખ્યમંત્રી કેજરીવાલ મહરૌલીમાં સાંજે ૪ વાગ્યે અને કૃષ્ણાનગરમાં ૬ વાગ્યે રોડ શો કરશે.

કેજરીવાલ ૧૦ મેના રોજ તિહાર જેલમાંથી જામીન પર બહાર આવ્યા



હતા. તેઓ ૩૯ દિવસ સુધી તિહાર જેલમાં કેદ રહ્યા. કોર્ટે તેમને ૧ જૂન એટલે કે ૨૨ દિવસની રાહત આપી છે. તેણે ૨ જૂને તિહારમાં સરેન્ડર કરવું પડશે.જેલમાંથી નીકળ્યા બાદ તેણે રોડ શો કર્યો અને દિલ્હીના લોકો અને હનુમાનજીનો આભાર માન્યો હતો. તેમણે કાર્યકરોને કહ્યું કે આપણે બધાએ સાથે આવીને દેશને તાનાશાહીથી બચાવવાનો છે. હું તન, મન અને ધનથી લડી રહ્યો છું. તાનાશાહી સામે લડી રહ્યો છું.

## લદ્દાખમાં ૬૬ દિવસથી ચાલી રહેલી ભૂખ હડતાલ સ્થગિત

### અહીં થનારી લોકસભા ચૂંટણીના ૧૦ દિવસ પહેલા અસ્થાયી રૂપે ભૂખ હડતાલને સ્થગિત કરી

લદ્દાખ,

લદ્દાખમાં વિવિધ સમૂહો દ્વારા છેલ્લા ૬૬ દિવસોથી જારી ભૂખ હડતાલને શુક્રવારે હંગામી ધોરણે સ્થગિત કરી દેવાઈ. સર્વોચ્ચ સંસ્થા લેહે અહીં થનારી લોકસભા ચૂંટણીના ૧૦ દિવસ પહેલા અસ્થાયી રૂપે ભૂખ હડતાલને સ્થગિત કરી છે.

આ પ્રદર્શનને જળવાયુ ઉપવાસનું નામ અપાયું હતું. લદ્દાખ સંસદીય ક્ષેત્ર માટે ૨૦મેના રોજ વોટિંગ થવાનું છે. ભૂખ હડતાલની શરૂઆત સોનમ વાંગચુક દ્વારા લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા, સંવિધાનની છઠ્ઠી અનુસૂચી હેઠળ લાવવા, લદ્દાખ માટે એક વધારાની સંસદીય સીટ અને તેની સ્થાપનની માંગણીના સમર્થનમાં ૨૧ દિવસના ઉપવાસ સાથે કરાઈ હતી.

## કર્ણાટક સેક્સ સ્કેન્ડલ : દેવરાજ ગૌડાની ધરપકડ

### ૧ એપ્રિલના રોજ નોંધાયો હતો કેસ : પીડિતાનો આરોપ- ૧૦ મહિના સુધી યૌન શોષણ કર્યું

કર્ણાટક,

બીજેપી નેતા અને એડવોકેટ જી દેવરાજ ગૌડાની શુક્રવારે (૧૦ મે) રાત્રે હસન સાંસદ પ્રજ્વલ રેવન્ના સાથેના અશ્લીલ વીડિયોના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, દેવરાજ ગૌડાને ચિત્રદુર્ગ જિલ્લાની હિરીયુર પોલીસે ગુલિહાલ ટોલ ગેટ પર પેન ડ્રાઈવમાં વીડિયો લીક કરવા બદલ ધરપકડ કરી છે.

હસન પોલીસને દેવરાજની ધરપકડ કરવા માટે એક બાતમીદાર પાસેથી માહિતી મળી હતી. આ પછી ચિત્રદુર્ગ પોલીસે ઈનપુટના આધારે શોધ શરૂ કરી. જે બાદ તે ગુલિહાલ ટોલ પર પકડાયો હતો. હસન પોલીસ આ કેસમાં પ્રજ્વલનું નિવેદન નોંધવા માંગે છે. દેવરાજે જ ભાજપ નેતૃત્વને રેવન્નાના અનેક મહિલાઓના જાતીય શોષણ વિશે ચેતવણી આપી હતી અને હસનમાંથી ત્રહ્હજી સાંસદને લોકસભાની ટિકિટ આપવા સામે ચેતવણી આપી હતી.

ગૌડા વિરુદ્ધ એપ્રિલમાં એક મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. આરોપ છે કે ગૌડાએ તેની મિલકત વેચવામાંમદદ કરવાના બહાને લગભગ દસ મહિના સુધી તેનું શોષણ કર્યું. મહિલાના પતિએ પણ ગૌડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે દેવરાજ તેમના ઘરમાં ઘુસી ગયો હતો, તેને ધમકી આપી હતી અને તેની સાથે ગેરવર્તન કર્યું હતું. FIR મુજબ ગૌડા છેલ્લા ૧૦ મહિનાથી મહિલાને હેરાન કરી રહ્યો હતો. તે મહિલાને એકાંત સ્થળે લઈ ગયો હતો, જ્યાં તેણે તેની છેડતી કરી હતી અને મહિલા અને તેના પતિને મારી નાખવાની ધમકી આપી હતી.

## જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવકમાં થયો વધારો

### ૧૦ કિલોના એક કેરીના બોક્સનો ભાવ ૮૦૦થી વધુ નોંધાયો

જુનાગઢ,

કેસર કેરીની આવકમાં વધારો જોવા મળ્યો છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ગીર પંથકની કેસર કેરીની આવક વધી છે. શુક્રવાર ૧૧,૦૦૦ થી વધુ કેરીના બોક્સની આવક નોંધાઈ છે. ૧૦ કિલોના એક કેરીના બોક્સનો ભાવ ૮૦૦થી વધુ નોંધાયો હતો.

ગીરની કેસર કેરીની આવક દિવસેને દિવસે વધી રહી છે. માર્કેટિંગ યાર્ડ કેરીના બોક્સથી ઉભરાયું છે. એક દિવસમાં ૧૧ હજારથી વધુ બોક્સની આવક નોંધાઈ હતી. હાલ કેરીની સિઝન ગત વર્ષ કરતાં મોડી ચાલી રહી છે કારણ કે આ વર્ષે વાતાવરણના ફેરફારના લીધે કેરીના પાકનું ઉત્પાદન મોડું થયું છે. એક માસ કેરીની સીઝન મોડી ચાલી રહી છે. ઉત્પાદન સારું હોવાથી કેરીની આવકમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. કેરીની સીઝનની શરૂઆતમાં આવક ઓછી હતી તેની સામે ૨૫૦૦થી ૩,૦૦૦ સુધી કેરીના બોક્સના ભાવ બોલાયા હતા.

## ઈન્દોરના અક્ષય કાંતિ બમ સામે ધરપકડ વોરંટ

### કલમ ૩૦૭ લાગવા છતાં મુદતમાં ગેરહાજર; કોર્ટમાં વકીલે પારિવારિક કારણ આપ્યું

ઈન્દોર,

છેલ્લી ઘડીએ પોતાના પક્ષ સાથે ગદ્દારી કરનાર ઈન્દોરના અક્ષય કાંતિ બમ સામે ધરપકડ વોરંટ જાહેર થયું છે. કોંગ્રેસે અક્ષય બમને ઈન્દોરથી લોકસભાના ઉમેદવાર બનાવ્યા હતા. એપ્રિલના છેલ્લા સપ્તાહમાં આ જૂના કેસમાં બમ વિરુદ્ધ કલમ ૩૦૭માં અચાનક વધારો કરવામાં આવ્યો હતો. આ પછી, નાટકીય ઘટનાક્રમ સાથે બમે કોંગ્રેસમાંથી પોતાનું નામ પાછું ખેંચ્યું અને ભાજપમાં જોડાયા હતા.

આ સમગ્ર ઘટના બાદ આ કેસની પ્રથમ સુનાવણી ૧૦ મેના રોજ નક્કી કરવામાં આવી હતી. જેમાં અક્ષયે વકીલ મારફતે પારિવારિક કાર્યક્રમ હોવાથી અને પિતાએ બિમારીમાં બેડ રેસ્ટને ટાંકીને હાજર નહીં રહેવાને કારણે માફી માગી હતી. કોર્ટે અરજી ફગાવી દીધી હતી. ૮મી જુલાઈ સુધીમાં બંનેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આજની મુદતમાં ગેરહાજર રહેલા અક્ષય મંત્રી કૈલાશ વિજયવર્ગીય સાથે કાર્યક્રમોમાં દેખાયા હતા.

ફરિયાદીના વકીલ મુકેશ દેવલે કહ્યું કે ૨૦૦૭માં નોંધાયેલા રમખાણ, મારામારીના કેસમાં ગયા મહિને કોર્ટના આદેશ પર કલમ ??૩૦૭ વધારવામાં આવી હતી. તેની સુનાવણી ૧૦ મેના રોજ થઈ હતી. શરૂઆતમાં ફરિયાદી પક્ષે યુનુસ પટેલ દ્વારા અરજી રજૂ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે આ કેસમાં અક્ષય અને તેના પિતા સામે ગંભીર કલમો ઉમેરવામાં આવી છે, તેથી તેમના જામીન રદ કરવા જોઈએ.બીજી તરફ આરોપી અક્ષયના વકીલે અરજીમાં એવી રજૂઆત કરી હતી કે અક્ષય આજે પારિવારિક અને સામાજિક કાર્યક્રમોમાં વ્યસ્ત છે. મુદતમાં હાજરીમાંથી મુક્તિ આપવા વિનંતી કરી હતી.

## કોંગ્રેસનો હાથ આતંકવાદીઓ અને પાકિસ્તાન સાથે છે- ભાજપના પ્રવકતા શહેઝાદ પૂનાવાલા

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરના નિવેદનની આકરી ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે કોંગ્રેસનો પાકિસ્તાન પ્રત્યેનો પ્રેમ અટકી રહ્યો નથી. પૂનાવાલાએ કહ્યું, 'હવે કોંગ્રેસ પાકિસ્તાનને સન્માન આપવાની વાત કરી રહી છે જે આતંકવાદીઓને ભારતમાં મોકલે છે. આતંકવાદીઓ અને પાકિસ્તાન સાથે કોંગ્રેસનો હાથ દેખાઈ રહ્યો છે અને હવે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે.પૂનાવાલાએ મણિશંકર ઐયરના નિવેદનને લઈને ગાંધી પરિવાર અને કોંગ્રેસ પર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે, 'કોંગ્રેસ પરિવારના નજીકના મણિશંકર ઐયર, જે એક સમયે પીએમ મોદીને હટાવવા માટે પાકિસ્તાનની મદદ લેવા ગયા હતા, તે હવે પાકિસ્તાનની તાકાત અને શક્તિની વાત કરી રહ્યા છે. તેના પરમાણુ બોમ્બ બતાવે છે. મણિશંકર ઐયર ભારતમાં આતંકવાદીઓને મોકલનાર પાકિસ્તાનને સન્માન આપવાની વાત કરી રહ્યા છે, જ્યારે એ જ કોંગ્રેસના નેતા આપણી સેના માટે અપમાનજનક ભાષા વાપરે છે.

## સમગ્ર વિશ્વમાં બ્લેકઆઉટનો ખતરો : વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું એલર્ટ

### આ અઠવાડિયાના અંતમાં ભયંકર સૌર વાવાઝોડું પૃથ્વી સાથે ટકરાશે : ૨૦૦૫ પછી આ પહેલું સૌર તોફાન

વોશિંગ્ટન,

સૂર્યમાંથી આવતી એક તોફાની તરંગી તાકાત ઝડપથી પૃથ્વી તરફ આગળ વધી રહી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બે દાયકામાં પ્રથમ વખત સૂર્યથી ચાલતું જીઓમેગ્નેટિક તોફાન (સૌર તોફાન) પૃથ્વી પર ત્રાટકવાનું છે. અમેરિકાની સાયન્ટિફિક એજન્સી નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) એ ચેતવણી જારી કરીને કહ્યું છે કે આ ઉપગ્રહો માટે પડકાર બની શકે છે. આ સિવાય પાવર ગ્રીડ ફેલ થવા, કોમ્યુનિકેશન નેટવર્ક અને ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટને મોટો ખતરો છે.અમેરિકન એજન્સીએ કહ્યું કે આ સૌર તોફાન આ અઠવાડિયાના અંતમાં પૃથ્વી પર ટકરાશે. ૨૦૦૫ પછી આ પહેલું સૌર તોફાન છે.

આનાથી સમગ્ર વિશ્વમાં બ્લેકઆઉટ અને ઉચ્ચ આવર્તન રેડિયો તરંગોનો ખતરો ઉભો થયો છે. રિપોર્ટ અનુસાર ટ્રાન્સ પોલર એરિયામાં ઉડતા પ્લેનને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે તસ્માનિયાથી બ્રિટન સુધીના આકાશમાં આ ચમક જોવા મળશે.

વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે આ એક ગંભીર શ્રેણી (G4) જીઓમેગ્નેટિક તોફાન છે. અગાઉ ૨૦૦૫માં જ્યારે હેલોવીન સોલાર સ્ટોર્મ આવ્યું ત્યારે સ્વીડનમાં અંધારપટ છવાઈ ગયો હતો. તે જ સમયે, દક્ષિણ આફ્રિકામાં પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ અસર થઈ હતી. વાસ્તવમાં, સૌર વાવાઝોડાની અથડામણને કારણે, પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં ફેરફાર જોવા મળે છે, જે પાવર પ્લાન્ટ અને નેવિગેશન સિસ્ટમને અસર કરે છે.

### અવકાશયાન પોતાનો રસ્તો ગુમાવી શકે છે

વૈજ્ઞાનિકોના મતે સોલાર સ્ટોર્મના કારણે મેગ્નેટિક ફિલ્ડમાં ફેરફાર થાય છે જેના કારણે પાવર લાઈનમાં વધારાનો કરંટ આવી શકે છે અને અંધારપટનો સામનો કરવો પડી શકે છે. આ ઉપરાંત લાંબી પાઈપલાઈનમાંથી પણ વિજળી વહી શકે છે જેના કારણે મશીનો ખરાબ થવાનો ભય રહે છે. આ સિવાય અવકાશયાન પોતાનો રસ્તો ગુમાવી શકે છે. નાસાએ તેના અવકાશયાત્રીઓની સુરક્ષા માટે એક ટીમ બનાવી છે.કબૂતરોમાં હાજર જૈવિક હોકાયંત્ર પણ આ સૌર વાવાઝોડાથી અસરગ્રસ્ત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, કબૂતર એવા પક્ષીઓ છે જેની દિશાની સમજ ખૂબ વધારે પડતી હોય છે. નાસાના અભ્યાસ મુજબ, સૌર વાવાઝોડા દરમિયાન કબૂતરોની સંખ્યા ઘટે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે લોકોએ અગાઉથી જ લાઈટિંગની વ્યવસ્થા કરવી જોઈએ.

## રાદડિયા-સંઘાણી બાદ નારણ કાછડીયા ભાજપ સામે બગડ્યા

# કોંગ્રેસ અને આપમાંથી કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળી જાય છે: નારણ કાછડીયા

અમરેલી,

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ ભાજપના નેતાઓનો આંતરિક વિવાદ ઉભરો બનીને બહાર ઠલવાઈ રહ્યો છે. ભાજપે કરેલા ભરતી મેળાથી ભાજપના જ અનેક નેતાઓ અને કાર્યકર્તાઓ નારાજ થયા છે. લોકસભાની ચૂંટણીમાં તેની અસર પણ જોવા મળી હતી. ત્યારે હવે લોકસભાની ચૂંટણી પત્યા પછી ભાજપના દિગ્ગજ નેતા નારણ કાછડિયાની નારાજગી સામે આવી છે. સંઘાણી બાદ ભાજપના બીજા દિગ્ગજ નેતાએ પ્રદેશ નેતૃત્વ પર લગાવ્યા ગંભીર આરોપ લગાવ્યા છે.



અમરેલીમાં જેની ટિકિટ કાપીને ભરત સુતરિયાને ભાજપે ટિકિટ આપી હતી, તે નારણ કાછડીયાએ જાહેરમાં ભાજપનો વિરોધ વ્યક્ત કર્યો છે. અમરેલીના નારણ કાછડીયાએ ભાજપ માટે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે.નારણ કાછડીયાએ પક્ષ વિરોધ સ્ફોટક નિવેદનો કર્યા છે. ભાજપના ભરતી મેળા વિશે એક કાર્યક્રમમાં નારણ કાછડીયાએ કહ્યું કે, કાર્યકર્તાઓને ઉભો કરતા દસ વર્ષ લાગે છે. કાર્યકર્તાઓને તોડવાની કોઈ કોશિશ ના કરે, કાર્યકર્તાની પાછળ અમે બેઠા છીએ. કોંગ્રેસ અને આપમાંથી કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળી જાય છે. બીજે દિવસે કેબિનેટના મંત્રીના પદ મળી જાય.. સંગઠનના પદ મળી જાય.. ધારાસભ્યની ટિકિટો મળી જાય.. તમે પાર્ટીમાં નિયમ પ્રમાણો લો, આપણે સરવાળો કરવાનો છે, બાદબાકી નથી કરવાની તે અમે જાણીએ છીએ. કાર્યકર્તાઓને પાર્ટીમાં લો, પરંતુ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓના ભોગે નહીં.

આમ, પક્ષપલટુઓ પ્રત્યે નારણ કાછડીયાએ ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. આ મુદ્દે તેમણે આગળ કહ્યું કે, ભાજપના કાર્યકર્તા ૩૫-૩૫ વર્ષથી કામ કરતો હોય અને પાર્ટીના ઝંડા લગાવતો હોય.. નારા લગાવતો હોય.. અને તમે કાલે સવારે લઈ આવો એ સ્ટેજ પર બેસે અને સિનિયર કાર્યકર્તા સામે બેઠો હોય તે કેટલા અંશે વ્યાજબી કહેવાય?''

# કેનેડાના વિઝા અપાવવાના નામે શિક્ષકને છેતરી ૧૬ લાખ ચાંઉ કયા

વડોદરા,

વડોદરાના એક શિક્ષક સાથે કેનેડામાં વિઝા અપાવવાના નામે ઠગાઇ થતાં આઇ સ્કવેર ઇન્ટરનેશનલ નામના એજન્ટના ત્રણ સંચાલક સામે ગુનો નોંધાયો છે.

ગોરવાના પરિશ્રમ પાર્કમાં રહેતા નરેન્દ્રભાઇ મહારે કહ્યું છે કે,સોશ્યલ મીડિયા પર ભૂમિ પુરોહિતની કેનેડા માટેની જાહેરાત જોઇ તેનો સંપર્ક કરતાં વાતચીત થઇ હતી.ભૂમિ અને તેના ભાઇ અંકિત પુરોહિતે તેઓ અમદાવાદ અને વડોદરામાં કામ કરતા હોવાની વાત




કરી હતી.તેમણે ૨૩ લાખ નક્કી કર્યા હતા અને તે પૈકી મેં કુલ ૧૬.૪૯ લાખ ચૂકવ્યા હતા. બંને ભાઇ બહેને જુદી જુદી જગ્યાએ બોલાવી વાતચીત કરી હતી.પરંતુ પ્રોસેસ કરી નહતી. તેમની સાથે અમદાવાદમાં ઓફિસ ધરાવતા સોહમ પટેલે પણ મુલાકાત કરી હતી અને તેણે રૃપિયા આપશો તો જ વકીલ પાસપોર્ટ પ્રિન્ટિંગ માટે મોકલશે તેમ કહી રૃપિયા પડાવ્યા હતા. પરંતુ રૃપિયા લીધા પછી પણ કોઇ કાર્યવાહી કરી નહતી અને ઓફિસ બંધ કરી દીધી છે.જેથી મારો અસલ પાસપોર્ટ પણ મળ્યો નથી.

ગોત્રી પોલીસે આ અંગે ભૂમિ અજીતભાઇ પુરોહિત,અંકિત અજીતભાઇ પુરોહિત(બંને રહે.ઇશાનિયા ફલોરેન્ઝા, ઉંડેરા રોડ,વડોદરા) અને સોહમ પ્રફુલ્લભાઇ પટેલ(સારથી એપાર્ટમેન્ટ,સર્વોદય સ્કૂલ પાસે કે કે નગર,અમદાવાદ) સામે ગુનો નોંધ્યો છે.

## હરણી બોટકાંડ : વડોદરા કોર્ટે ૧૧ આરોપીના શરતી જામીન મંજૂર કર્યા

વડોદરા,

આ વર્ષે જાન્યુઆરીમાં વડોદરાના હરણી લેકમાં ભુલકાઓ અને શિક્ષકો ભરેલી બોટ પલટી ગઇ હતી. આ ઘટનામાં કુલ ૧૪ લોકોના કરુણ મોત નિપજ્યા હતા. આ ઘટના પોલીસ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટીગેટીવ ટીમની રચના કરવામાં આવી હતી. ટીમે એક પછી એક અલગ-અલગ જગ્યાઓથી ૨૦ આરોપીઓની ધરપકડ કરી હતી. અગાઉ ચાર મહિલા આરોપી તેજલ દોશી, નેહા દોશી, નૂતન શાહ અને વૈશાખી શાહની જામીન અરજી વડોદરાની કોર્ટે ફગાવી દેતાં તેમણે ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં કોર્ટે શરતી મંજૂરી સાથે જામીન આપ્યા હતા, જે બાદ શુક્રવારે આ મામલે વડોદરા કોર્ટે ૧૧ આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં બીનીત કોટીયા, ગોપાલ શાહ, ધર્મીલ શાહ, ધર્મીન બાથાણી, દિપેન શાહ, રશ્મિકાંત પ્રજાપતિ, જતીન દોષી, વેદ પ્રકાશ યાદવ, અલ્પેશ ભટ્ટ સહિત ૧૧ આરોપીઓનો સમાવેશ થાય છે.

# નીટની પરીક્ષામાં ૧૬ પરીક્ષાર્થીઓને પાસ કરવાના હતા

### મોટાભાગના રાજય બહારના, મહીસાગર જિલ્લામાંથી ખેડા કલેકટરને પણ ફરિયાદ થઈ હતી

ગોધરા

ગોધરાની નીટની પરીક્ષામાં એક પરીક્ષાર્થી દીઠ ૧૦ લાખ રૂપીયા લઇ ૧૬ પરીક્ષાર્થીઓને પાસ કરવાના હતા. જેમાં પોલીસ પાસે ૧૬ પરીક્ષાર્થીઓના નામમાંથી મોટા ભાગના પરીક્ષાર્થીઓ રાજય બહારના હોવાથી સમગ્ર કૌભાંડ આંતરરાજય હોવાની પ્રબળ શકતાઓ સેવાઇ રહી છે.

ગોધરાની જય જલારામ સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષક અને નીટ પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડેન્ટ તુષાર ભટ્ટ નીટના પરીક્ષાર્થીઓને પાસ કરવા વડોદરાના રોય ઓવરસીઝના સંચાલક પરશુરામ રોય પાસે એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. જેમાં



પોલીસે તુષાર ભટ્ટના મોબાઈલના વોટસઅપ ચેટીંગની તપાસ કરતા ૧૬ પરીક્ષાર્થીઓને નીટની પરીક્ષામાં પાસ કરવાના હતા. પોલીસ તપાસમાં હાલ ૧૬ નીટની પરીક્ષાના પરીક્ષાર્થીઓના નામ મળ્યા છે. જેમાંથી મોટા ભાગના પરીક્ષાર્થીઓ રાજય બહારના હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

## વંથલીના રવની ગામમાં પિતા અને પુત્રની ગોળી મારીને હત્યા

### ૮ માર્ચ ૨૦૨૩માં રવની ખાતે એક મર્ડર થયું હતું, મૃતકે તેની બાતમી આપી હતી

જૂનાગઢ

જૂનાગઢના વંથલીના રવની ગામે મોડી રાત્રે પિતા-પુત્રની હત્યા કરવામાં આવી છે. અગાઉના મનદુખ રાખીને પિતા-પુત્રની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. જિશાન સાંઘ અને તેના પિતા રફિક સાંઘની વાડીમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

કેશોદના ડીવાયએસપી બીસી ઠક્કરે કહ્યુ કે, મૃતક જિહાનનું બંદૂકની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. ૮ માર્ચ ૨૦૨૩માં રવની ખાતે એક મર્ડર થયું હતું. આ મૃતકે તેની બાતમી આપી હતી જે મામલે પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધવામાં આવ્યો છે.

# વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતા ૧૧થી ૧૫ મે સુધી ગુજરાતમાં વરસાદની આગાહી

ગાંધીનગર,

ગુજરાત પાસે વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થઈ છે. ૧૧થી ૧૫ મે સુધી ગુજરાતમાં વરસાદની આગાહી છે. આમ આ ચાર દિવસ રાજ્યમાં પ્રી-મોનસૂન એક્ટિવિટી જોવા મળશે. ૧૧મીએ નર્મદા, તાપી, ડાંગ અને વલસાડમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ૧૪મીએ સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૪મીએ સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટમાં આગાહી કરવામાં આવી છે. જ્યારે ૧૫મીએ તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં આગાહી કરવામાં આવી છે.

આમ ગુજરાતમાં આગામી સમયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળશે. આ અસરના લીધે



૧૧થી ૧૩ મે દરમિયાન માવઠુ પણ પડશે. વલસાડ, દીવદમણમાં હળવા વરસાદની આગાહી છે. દાદરા-નગર હવેલીમાં વરસાદી ઝાપટું પડવાનું પૂર્વાનુમાન છે. આ ઉપરાંત ગરમીમાં પણ આંશિક રાહત મળશે. ગરમીનું પ્રમાણ ૩ ડિગ્રી સુધી ઘટવાનું અનુમાન છે.

### જુનાગઢમાં વાતાવરણમાં પલટો, ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાયો

**ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ત્યારે જુનાગઢમાં વાતાવરણમાં એકા એક પલટો આવ્યો છે. જુનાગઢમાં ગિરનાર પર્વત પર ભારે પવન ફુંકાયો છે. જો કે તેની કોઈ અસર રોપ – વે સેવા પર જોવા મળી નથી. આ અંગે જાણકારોનું કહેવું છે કે ઉનાળાના મધ્યમાં સવારના સમયે આ પ્રકારે પવન ફૂંકાવાની ઘટના બનતી હોય છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રમાં આગામી ચાર દિવસ બાદ વરસાદ પડવાની શક્યતા છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.**

# ગુજરાત હાઈકોર્ટે સુરત કોર્ટના PSP તરફેના હુકમને રદ કર્યો

**સુરત કોર્ટે ૧૨૫ કરોડની બેંક ગેરેન્ટી અને ૩૦૦ ઓફિસ ન વેચવા સુરત ડાયમંડ બુર્સને હુકમ કર્યો હતો**



સુરત

વિશ્વવિખ્યાત સુરતના ડાયમંડ બુર્સનું નિર્માણ PSP કંપનીએ કર્યું હતું. જેના કોન્ટ્રાક્ટ અને ચુકવણીઓને લઈને બાકી લેણા માટે PSPએ સુરતની કોર્ટમાં અરજી કરી હતી. જે સંદર્ભે કોર્ટે PSP તરફે ચુકાદો આપતા સુરતની કોર્ટે સુરત ડાયમંડ બુર્સને ૧૨૫ કરોડની બેંક ગેરેન્ટી આપવા અને બેંક ગેરેન્ટી વગર ૪,૬૦૦માંથી ૩૦૦ ઓફિસ નહી વેચવા હુકમ કર્યો હતો. જેને SDBએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જો કે, હાઈકોર્ટે સુરતની કોર્ટના હુકમને રદ કરતા તેને અયોગ્ય ગણાવ્યો હતો.

સુરત ડાયમંડ બુર્સનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. વિશ્વમાં હિરા ઉદ્યોગ માટે તે ભારતની શાખ સમાન છે. જેનું કન્સ્ટ્રક્શન PSP કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે SDB નોન પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન છે. જે કંપની એક્ટ અંતર્ગત રજિસ્ટર છે.

# અખાત્રીજે ભૂમિપુત્રોએ ભૂમિ, પશુઓ, ઓજારોનું પૂજન કર્યું



### અખાત્રીજમાં હવે આધુનિકતા બળદ-ગાડાના બદલે ટ્રેક્ટર-ટ્રોલીનું પૂજન કરી ખેતરમાં ટ્રેક્ટરથી ખેડાણના દ્રશ્યો

ગાંધીનગર,

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોના ખેતી કામ માટેનું નવું વર્ષ અખાત્રીજના દિવસે અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોએ ભૂમિ પૂજન તથા પશુઓ અને ખેતીના ઓજારોની પૂજનવિધિ કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દીવો ધૂપ કરી કંસાર અને ખીચડીના પ્રસાદ ધરાવી વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ હર્ષોલ્લાસ સાથે કર્યો હતો.મેઢાસણ ગામે યુવા ખેડૂતોમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો અરવલ્લી જીલ્લામાં શુક્રવારે વહેલી સવારે અખાત્રીજ ના દિવસે પૂજનવિધિ પૂર્ણ કરી જગતનો તાત નવા કૃષિ વર્ષની ઉજવણીમાં જોતરાયો હતો સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી પશુઓ અને બળદોના શીંગડાને રંગરોગાન કરી નવા પોશાકો ધારણ કરી સાગમટે ગ્રામ અને શહેરી વિસ્તારના ભૂમિપુત્રોએ હળ જોડી દઈ ખેતર ખેડી ખાતમુહર્ત કર્યું હતું .

# કોંગ્રેસે મારી સાથે ગદ્દારી કરી : નિલેશ કુંભાણી



### હું મારા કાર્યકર્તાઓને મળીશ પછી નક્કી કરીશ કે રાજકારણમાં રહેવું કે નહીં કોંગ્રેસે મને સસ્પેન્ડ કર્યો છે

સુરત

ચૂંટણી વોટિંગ પૂર્ણ થયા બાદ ગેરલાયક ઠરેલા સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી મીડિયા સામે આવ્યા છે. તેમને મીડિયા સાથે વાત કરતા કહ્યું કે 'કોંગ્રેસે મારી સાથે ગદ્દારી કરી છે. અત્યાર સુધી ભાજપ સાથે કોઈ સંપર્ક નથી કે ભાજપ સાથે કોઈ લેવા-દેવા પણ નથી. આટલા દિવસથી હું મારા ઘરે જ હતો. મારા ટેકેદારો કોંગ્રેસના કાર્યકરો જ હતા. હું ભાજપની નહી પણ મારી ગાડીમાં ફોર્મ ભરવા ગયો હતો. ધક્કા મુક્કી ના થાય એટલે હું પાછળના દરવાજાથી ગયો હતો. મારે કોઈના પર આરોપ લગાવીને કોઈને મોટા નથી બનાવવા માંગતો. હું મારા કાર્યકર્તાઓને મળીશ પછી નક્કી કરીશ કે રાજકારણમાં રહેવું કે નહી. કોંગ્રેસે મને સસ્પેન્ડ કર્યો છે. કોંગ્રેસના સુરતના કાર્યકરો કામ નહતા કરતા. મારુ ફોર્મ કોંગ્રેસના વકીલોએ જ ભર્યું હતું. મારા ટેકેદારો અને કાર્યકરોએ કોંગ્રેસ સાથે બદલો લીધો અને હું મારા ટેકેદારો અને કાર્યકરોના સમર્થનમાં છું. હું મારો પોતાનો વોટ આપવા માટે પણ હું ઘરેથી બહાર નહતો નીકળ્યો.'

સુરત લોકસભા બેઠક પર નિલેશ કુંભાણી કોંગ્રેસના ઉમેદવાર હતા. પરંતુ, ટેકેદારોની ખોટી સહીના ખુલાસા બાદ નાટ્યાત્મક રીતે તેમનું ફોર્મ રદ થયું હતું. ચૂંટણી લડવા પહેલાં જ કોંગ્રેસ સુરત લોકસભા બેઠક હારી ગયું હતું.

# સુરેન્દ્રનગરની ૧૦૦થી વધુ આંગડિયા પેઢી રાતોરાત બંધ

### રાજ્યમાં CID ક્રાઈમના દરોડા બાદ લાગ્યા તાળા

અમદાવાદ

અમદાવાદ અને સુરત સહિત રાજ્યની અલગ અલગ આંગડિયા પેઢી પર CID ક્રાઇમ બ્રાન્ચના દરોડા બાદ સુરેન્દ્રનગરની ૧૦૦થી વધુ આંગડિયા પેઢીને તાળા મારવામાં આવ્યા છે. સુરેન્દ્રનગરમાં આવેલી ૧૦૦થી વધુ આંગડિયા પેઢીને રાતો રાત બંધ કરવામાં આવી છે. આંગડિયા પેઢી બંધ થતા કરોડોના વહીવટ અટકી ગયા છે.

CID ક્રાઇમની વિવિધ ટીમ દ્વારા ૨૫થી વધુ આંગડિયા પેઢીઓ પર પાડવામાં આવેલા દરોડામાં જપ્ત કરવામાં આવેલી રોકડનો આંક ૧૫ કરોડ પર પહોંચ્યો છે. સાથે સાથે હજુ પણ કેટલાંક આર્થિક વ્યવહારોને આધારે તપાસ કર્યા બાદ રોકડ મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ CID ક્રાઇમની સાથે ઈન્કમટેક્ષની એક ટીમ પણ તપાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં દુબઈથી હવાલા થયાની કડી મળતા ED પણ હવે આ કેસની તપાસમાં સક્રિય થઇ છે. બીજી તરફ CID ક્રાઇમ IPL સટ્ટાના કરોડો રૂપિયાના આર્થિક વ્યવહારને લઈને તપાસ કરી રહી છે. પોલીસે દરોડા દરમિયાન લેપટોપ, પેન ડ્રાઈવ અને આર્થિક વ્યવહારોની નોંધના કાગળોનો મોટો જથ્થો પણ જપ્ત કરાયો છે. તપાસમાં આગામી સમયમાં મોટા ખુલાસા થશે. આ ઉપરાંત, CID ક્રાઇમ દ્વારા આગામી સમયમાં પણ દરોડાની કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદ જગન્નાથ રથયાત્રાનું કાઉન્ટડાઉન શરૂ અખાત્રીજે ત્રણેય રથની કરવામાં આવી પૂજા



અમદાવાદ

અમદાવાદ જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની ૧૪૭મી રથ યાત્રાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આજે ત્રીજના દિવસે અખાત્રીજના પવિત્ર રથની પૂજા કરવામાં આવી હતી. ત્રાણેય રથ ભગવાન જગન્નાથનાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના વિશેષ રીતે શણગાર કરવામાં આવ્યા હતાં

ભગવાન જગન્નાથના રથની વિશેષ પૂજા કરવામાં આવી છે. તેમની સાથે બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના રથની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી.મંત્રોચાર સાથે વિધિ કરવામાં આવી હતી અને રથની આરતી કરવામાં આવી હતી આ પુજા જગન્નાથ મંદિરના મહંત અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા દ્વારા કરવામાં આવી હતી અને મેયર, ધારાસભ્ય અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

એ યાદ રહે કે ભગવાન જગન્નાથ રથયાત્રા નીકળે તે પહેલાં અને રથનું સમારકામ કરવામાં આવતું હોય છે તે સમારકામની શરૂઆત અખાત્રીજના દિવસે થી કરવામાં આવે છે ભગવાન જ્યારે રથયાત્રા નીકળે છે ત્યારે રથ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે રથ ના કલર આકર્ષક કેન્દ્ર બનતું હોય છે. રથના પૈડાં સહિતનું સમારકામ કરવામાં આવે છે. ૧૪૬ વર્ષથી ચાલી આવતી પરંપરાને આજે પણ જીવનત રાખવામાં આવી રહી છે. ૧૪૬ મી રથયાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે તમામ વિધિ પરંપરા પ્રમાણે કરવામાં આવે છે.

### મુખ્ય વિષયોમાં A1 ગ્રેડ મેળવતા કુલ ૧૪૮ વિદ્યાર્થીઓ

# શ્રી જ્ઞાનગુરુનું સામાન્ય પ્રવાહમાં અવિરત છેલ્લા પાંચ વર્ષથી ૧૦૦ % પરિણામ લાવી દબદબો

ભાવનગર, તા.૧૦

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ આવ્યું છે ત્યારે સ્થાનિક અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રી જ્ઞાનગુરુનું ૧૦૦% રિઝલ્ટ આવેલ છે. છેલ્લા ૫ વર્ષથી સતત ૧૦૦% પરિણામ આપી શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠે ભાવનગરના શિક્ષણ જગતમાં ડંકો વગાડયો છે. શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠના ધોરણ-૧૨ કોમર્સનું તો ૧૦૦% રિઝલ્ટ આવ્યુ જ છે પરંતુ સાથો સાથ ધોરણ-૧૨ આર્ટસનું પણ ૧૦૦% રિઝલ્ટ સંસ્થાએ પ્રાપ્ત કર્યુ છે. સંસ્થાના કુલ ૧૧ વિદ્યાર્થીઓનું 99% tile કરતા વધુ પરિણામ મેળવ્યું છે. સંસ્થાના કુલ ૪૯ વિદ્યાર્થીઓ 90% tile કરતા વધુ પરિણામ પ્રાપ્ત કર્યું છે. સંસ્થાના વિદ્યાર્થીની ઢાપા સાહિલ 99.90% tile સાથે પ્રથમ, ચૌહાણ પ્રશાંત 99.80% tile સાથે દ્વિતીય અને ચુડાસમા પરિબેન 99.66% tile સાથે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઉપરાંત ચૌહાણ પ્રશાંત અર્થશાસ્ત્રમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, ગોહિલ દિવ્યરાજસિંહ વા. વ્યવસ્થામાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, ઘેવરિયા ઓમ એકાઉન્ટમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, ગોહિલ શકિતરાજસિંહ આંકડાશાસ્ત્રમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, ઉપાધ્યાય અંજલીબેન સેક્રે. પ્રેકટીસમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મનહરભાઈ દ્વારા સંસ્થાના કોમર્સ તથા આર્ટ્સના શિક્ષકમિત્રો, વાલીઓ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## ૧૨ સાયન્સમાં દર વર્ષની માફક શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠનો દબદબો અકબંધ

### સ્કૂલનાં કુલ—૪૮ વિદ્યાર્થીઓ 90% tile થી વધુ લાવ્યા

ભાવનગર, તા.૧૦

ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરાયુ છે ત્યારે ભાવનગરની શૈક્ષણિક સંસ્થા શ્રી જ્ઞાનગુરુના વિદ્યાર્થીઓ ભાવનગરમાં સર્વશ્રેષ્ઠ પરિણામ લાવી સંસ્થાને ગૌરવ અપાવ્યુ છે. સંસ્થાના કુલ ૨૫ વિદ્યાર્થીઓ બોર્ડના પરિણામમાં 90% tile અને ૨૩ વિદ્યાર્થીઓ ગુજસેટમાં 90% tile થી વધુ લાવી સંસ્થા અને પોતાના પુરૂષાર્થનો પરિચય આપ્યો છે. આજના પરિણામમાં 99.38% tile સાથે મકવાણા રક્ષા કિશોરભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે જયારે 99.15% tile સાથે સરવૈયા ભકિતદિપસિંહે દ્વિતીય ક્રમ અને 99.03% tile સાથે ડાભી રાકેશ ખોડાભાઈએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. ગુજસેટના પરિણામમાં સંસ્થાના વિદ્યાર્થી વંકાણી આર્યને તથા ચકલાસિયા સુજલે ૧૧૨.૫૦ માર્કસ મેળવી પોતાની સફળતા પૂરવાર કરી છે જયારે ચકલાસીયા સુજલ Maths માં ૪૦/૪૦ મેળવી ગુજરાતમાં પ્રથમ ક્રમ ગુજસેટમાં પ્રાપ્ત કર્યો છે. મેલ્સમાં ૯૮, કેમેસ્ટ્રીમાં ૯૮, બાયોલોજીમાં ૯૭ અને ફિઝિકસમાં ૯૪ માર્કસ સંસ્થામાં હાઈએસ્ટ રહ્યા છે. સંસ્થાના સરવૈયા પ્રતિક તથા જોશી ઓમ IIT માં પ્રવેશ મેળવી સંસ્થાને ગૌરવ અપાવેલ છે.

# કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનું ધો.૧૨નું ઝળહળતું ૧૦૦ પરિણામ

### ૧૫ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તે પૈકી સાત ડીસ્ટીક્રશન માર્ક સાથે બાકીના દ્વિતીય વર્ગ સાથે ઉતીર્ણ

ભાવનગર,તા.૧૦

ધો-૧૨નાં બોર્ડ દ્વારા જાહેર કરાયેલ પરિણામ મુજબ સમગ્ર ગુજરાતમાં માત્ર ૧૬૦૦ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. દર વર્ષની જેમ ભાવનગર જિલ્લાની ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં આ વર્ષે પણ ભાવનગરની કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનો સમાવેશ થાય છે.

રાજ્યની દિવ્યાંગ શાળાઓ પૈકીની આ શાળામાંથી કુલ ૧૫ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તે પૈકી સાત વિદ્યાર્થીઓ



ડીસ્ટીક્રશન માર્ક સાથે બાકીના તમામ આઠ વિદ્યાર્થીઓ દ્વિતીય વર્ગ સાથે ઉતીર્ણ થયેલ છે જેમાંથી પ્રથમ ક્રમે ૮૩.૮૬ ટકા સાથે કલ્પના વાજા, દ્વિતીય ક્રમે ૮૩.૧૪ટકા સાથે ચિરાગ રાઠોડ, તૃતીય ક્રમે ૭૯.૪૩ ટકા સાથે કરણ શિહોરા, ચતુર્થ ક્રમે ૭૮.૮૬ ટકા સાથે જ્યોતિષા પરમાર અને પાંચમાં ક્રમે ૭૮.૫૭ ટકા સાથે વિશાલ સાપરા આવેલ છે. આ વર્ષે રાજ્યમાં પ્રજ્ઞાચક્ષુ વિભાગમાંથી પરીક્ષા આપનાર ૫૧૦ માંથી ૪૫૮ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જેમાં રાજ્યમાં કુલ ૨૩ વિદ્યાર્થો છ-૨ વર્ગ સાથે ઉતીર્ણ થયા છે. અત્રે એ નોંધવું ઘટે કે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ શાળામાં શરુ થયા થી આજસુધી શાળાનું પરિણામ ૧૦૦% આવે છે.

## રામકથામાં પૂ. મદનમોહનદાસબાપુને શ્રદ્ધાંજલિ અર્પતા કથાકાર છોટેમોરારી બાપુ



તળાજા તાલુકાના માખણીયા ગામે રામકથામાં ગોળીબાર હનુમાનજી મંદિરના મહંત પૂ. મદનમોહનદાસબાપુને શ્રદ્ધાંજલિ આપવા આવી હતી. કથાના પૂર્ણાહુતિના દિવસે કથાના વક્તા રામકૃષ્ણ શાસ્ત્રીજીએ બાપુના પરોપકારી સંતના જીવન કવન વિશે વાત કરી હતી. અને ગામજનો, શ્રોતાજનો સાથે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# શિપ રિસાયકિંલગ એસો. દ્વારા રેડક્રોસના સહયોગથી આવતીકાલે મેગા મેડિકલ કેમ્પ

### કેમ્પમાં લેબ રિપોર્ટ,વિવિધ મેડિકલ ટેસ્ટ જરૂરી દવાઓ,અને ટાઈફોડની રસી વિનામુલ્યે અપાશે

ભાવનગર,તા.૧૦

શિપ રીસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ઈન્ડિયા દ્વારા રેડક્રોસ સોસાયટી ભાવનગરના સહકારથી ભાવનગર ના નાગરિકો માટે મેગા મેડિકલ નિદાન, સારવાર અને વિવિધ ટેસ્ટિંગ કેમ્પનું આયોજન આગામી તા.૧૨ મેં ને રવિવારે સવારે ૧૦ થી બપોરે ૨ દરમ્યાન શ્રેયા હાઉસ, પ્લોટ ન.૧૮૯૯/એ, શશીપ્રભુ ચોક, શાંતિ પ્રાઈમ સામે, રૂપાણી સર્કલ પાસે,ભાવનગર ખાતે યોજાશે.

આ કેમ્પમાં બીપી , ડાયાબિટીસ, થાઈરોઈડ તપાસ ,પેઇન મેનેજમેન્ટ અને શરીર ના કોઈપણ ભાગના દુખાવાની સારવાર,હાડકાની ઘનતા માપવાનો (BMD ટેસ્ટ), હદયની તપાસ માટે કાર્ડિયોગ્રામ ઈક્રય રિપોર્ટ, આંખોની આધુનિક સાધનો વડે તપાસ અને નિદાન તથા સારવાર, કાન, નાક અને ગળાના રોગ તેમજ હાડકા, તથા ચામડીના રોગની નિદાન અને સારવાર. ટાઈફોઈડ રસીકરણ કેમ્પ, કિડનીની તપાસ અને લેબોરેટરી ટેસ્ટ ડોકટરના માર્ગદર્શન મુજબ લેબોરેટરી રિપોર્ટ તથા જરૂરી દવાઓ વિનામુલ્યે અપાશે.

કેમ્પમાં એમ.ડી.ફિઝિશિયન, કાન-નાક-ગળાના નિષ્ણાત, ઓર્થોપેડિક, સ્કિન સ્પેશ્યાલીસ્ટ અને ફિઝિઓથેરાપીસ્ટ સેવા આપશે.

આ કેમ્પમાં PMJAY કાર્ડ કેમ્પ ૫ લાખ સુધીની આરોગ્ય સેવાઓ મેળવવા માટેના સ્વચ્છ કાર્ડ કાઢવા નો કેમ્પ પણ રાખેલ છે.જેના માટે ઘરના મુખ્ય વ્યક્તિનો આવકનો દાખલો

રાશન કાર્ડ, આધારકાર્ડ, જો ઘરના અન્ય કોઈ વ્યક્તિનું કાર્ડ હોય તો એ સાથે લાવવાના રહેશે. આ કેમ્પનો લાભ લેવા નગરજનોને શિપ રીસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ઈન્ડિયા દ્વારા અનુરોધ કરાયો છે.

## લોકજાગૃતિ: રાજપરા ઠાડચ ગામમાં ૯૬.૧૦ ટકા મતદાન

### જિલ્લામાં સૌથી ઊંચું મતદાન કરી પાલીતાણા પંથકના આ ગામના લોકોએ લોકશાહી પર્વને સાચી રીતે ઉજવી બતાવ્યુ

ભાવનગર,તા.૧૦

ભાવનગર સંસદીય મતવિસ્તારના ૧૦૨ પાલીતાણા વિધાનસભાના ભાગ નંબર ૨૫૩ રાજપરા (ઠાડચ)ગામે જિલ્લામાં સૌથી ઊંચું મતદાન કરી ગામના લોકોએ લોકશાહી પર્વને સાચી રીતે ઉજવી બતાવ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના ચૂંટણી પંચે લોકશાહી પર્વની ઉજવણી માટે અનેક કાર્યક્રમ આપવામાં આવેલ જેમાં ગામ લોકો દ્વારા સાયકલ રેલી, સ્કૂટર રેલી વડીલો સાથે ગામના ચોરે બેઠક ,દૂધ ડેરી ઉપર બેઠક, મહિલા મંડળ સાથે બેઠક, પ્રભાતફેરી રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, મહેંદી સ્પર્ધા ,નાટક દ્વારા જાગૃતતા, ચુનાવ પાઠશાળા, સીગ્નેચર કેમ્પેઈન તથા મતદાનની પૂર્વ સંધ્યાએ ચૂંટણી પંચના કર્મચારીઓનું ઢોલ શરણાઈ થી સ્વાગત દ્વારા મતદારોમાં જાગૃતતા લાવવા માટે બુથ લેવલ ઓફિસર જયેન્દ્રસિંહ દિલુભા ગોહિલે પ્રયત્ન કરતા અને સમગ્ર ગ્રામજનોમા ઉત્સાહ અને જાગૃતતાના કારણે બુથ ઉપર ૮૨૧ મતદારો પૈકી ૭૮૯ મતદારોએ મતદાન કર્યું જે ૯૬.૧૦ ટકા થયું. જ્યારે પી.બી.૧૧ મતદારોએ મતદાન કરતા ૮૨૧ માંથી ૮૦૦ મતદારોએ મતદાન કરતા ૯૭.૪૪% રાજપરા(ઠાડચ) ગામે મતદાન થયું છે.

# ઘન કચરો, પ્લાસ્ટીક કે કોટેડ વાયર બાળવા ઉપર પ્રતિબંધ

### જાહેરનામું બહાર પાડતાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

ભાવનગર,તા.૧૦

ભાવનગર જિલ્લાનાં શહેરી વિસ્તાર તથા વિકસીત વિસ્તારનાં લોકોનાં રોજબરોજનાં જીવનમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી ગયેલ છે અને ભાવનગર જિલ્લાનાં અલંગ ખાતે આવેલ શીપ યાર્ડમાંથી નીકળતા વાયરમાંથી તાંબુ - પીત્તળ જેવી ધાતુઓ છુટી પાડવા માટે પ્લાસ્ટીક કોટેડ વાયર બાળવામાં આવે છે. આમ, ઘન કચરો પ્લાસ્ટીક તથા અલંગ યાર્ડમાંથી નીકળતા વાયરોનાં પ્લાસ્ટીક કોટેડ વાયરો સળગાવવા, બાળવાનાં કારણે તેના ધુમાડાથી હવામાન ખૂબ જ પ્રદુષિત થાય છે જે લોકોનાં સ્વાથ્ય માટે હાનીકારક નીવડે છે.

આથી કોઈપણ વ્યક્તિએ આ તમામ વિસ્તારોમાં ઘન પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા સળગાવવા નહિ તે માટે જાહેરનામું બહાર પાડવા પ્રાદેશિક અધિક ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની દરખાસ્તથી ભાવનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ વિસ્તાર વિસ્તાર સત્તા મંડળમાં સમાવિષ્ટ થતાં વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર બાળવા, સળગાવવા નહિ.

આ જાહેરનામાનો અમલ સંબંધિત પોલીસ થાણાનાં અધિકારીઓ, પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ-ભાવનગર,કમિશનર- મહાનગર પાલિકા, મુખ્ય કારોબારી અધિકારી- ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, નિર્દિષ્ટ અધિકારી અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ- અલંગ તથા સંબંધિત ચીફ ઓફીસર, નગરપાલિકાઓએ કરાવવાનો રહેશે.

## લોઢાવાળા હોસ્પીટલમાં ૧૩મીથી ૫ દિવસ ફીઝીયોથેરાપી તપાસ નિદાન કેમ્પ

ભાવનગર,તા.૧૦

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ વી.સી.લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ, પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલીકલીનીક, સંઘ ભવન, પથિકાશ્રમ પાસે, ભાવનગર (ફોન: ૨૪૨૪૧૭૯, ૨૫૧૩૧૫૨, મોં. ૯૪૦૮૫૧૭૪૬૫) દ્વારા તા.૧૩-૦૫-૨૦૨૪ ને સોમવાર થી ૧૮-૦૫-૨૦૨૪ શનિવાર સુધી દરરોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ફીઝીયોથેરાપી ડો. ચિન્મયી મજીઠીયા(એમ.પી.ટી) દ્વારા ફીઝીયોથેરાપી ની ઉપલબ્ધ સારવાર માટે વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેમાં હ્રદય તથા ફેફસાંના ઓપરેશન બાદ ઝડપી રીકવરી માટેની કસરતો, કરોડરજ્જુની ઈજાઓ, સ્નાયુનો દુ:ખાવો, ખભાનો દુ:ખાવો ફેકચર- લકવો ગોઠણનો દુ:ખાવો, જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી પછીની કસરત, પગની એડીનો દુ:ખાવો, કમરનો દુ:ખાવો, સંધીવા, સાયટીકા /નસ દબાવવી, જન્મજાત વિકાસલક્ષી, પાર્કિન્સન રોગ બાળરોગ, ઓસ્ટિયોપોરોસીસ તથા અન્ય સારવાર, ચહેરાનો લકવો, બેઠાડુ જીવન, તેલી ખોરક, અનિયમિત કે અપુરતી ઉંઘ, થાઈરોઈડ અને મહિલાઓમાં થતાં આંતરસ્ત્રાવોના બદલાવના લીધે થતો પીસીઓડી /પીસીઓ-૫ ના કારણે થતો ડાયેટ ચાર્ટથી વજન ઘટાડી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવશે. જેનો લાભ લેવા સંસ્થાની યાદી માં જણાવાયું છે. રાહત દરે એકસરે, સોનોગ્રાફી, ઈસીજી, લેબોરેટરી ટેસ્ટ સુવિધા ઉપલબ્ધ છે.

# સિહોરમાં મહાસતી હરબાઈ અને અંબાજી મંદિરનો ૨૦મો પાટોત્સવ

### ૧૭મીએ પાટોત્સવની હર્ષોલ્લાસપુર્ણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે, તૈયારીઓ હાથ ધરાઈ

ભાવનગર,તા.૧૦

સિહોરના બાલાજીનગરમાં આવેલા સમસ્ત શ્રીમાળી સોની મુંજપરા પરિવારના આરાધ્યદેવી મહાસતી હરબાઈ માતાજી તથા અંબાજી માતાજીના મંદિરમાં આગામી તા. ૧૭ મે ૨૦૨૪ ને શુક્રવારના રોજ પરંપરાગત રીતે ૨૦માં પાટોત્સવની હર્ષોલ્લાસપુર્ણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

મહાસતી હરબાઈ માતાજી તથા અંબાજી માતાજી ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તેમજ સ્વ. લીલાવંતીબહેન જયંતિલાલ મુંજપરા (હસ્તે ભાવેશભાઈ જયંતિલાલ મુંજપરા અને પરેશભાઈ જયંતિલાલ મુંજપરા)ના મુખ્ય યજમાનપદે યોજાનાર આ પાટોત્સવ અંતગર્ત તા. ૧૭-૫ ને શુક્રવારે સવારે ૭ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે, સવારે ૧૦ કલાકે ધ્વજારોહણ થશે, સવારે ૧૧ કલાકે અલૌકિક અન્નકુટના દર્શન થશે, બપોરે ૧૨-૩૯ કલાકે શ્રીફળ હોમાશે.બાદ સખીમંડળના બહેનો દ્વારા દિવંગત પિતૃઓના મોક્ષાર્થે આનંદના ગરબાની ધૂન કરાશે બાદ રાસ-ગરબાની રમઝટ બોલાવાશે.

આ સાથે ટ્રસ્ટીમંડળ દ્વારા પાટોત્સવના મુખ્ય મનોરથી પરિવારના સભ્યો, સહયોગીદાતાઓ તેમજ મંદિરના મૂક કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોનું વિશેષ અભિવાદન કરવામાં આવશે. મહાપ્રસાદ બાદ મળનારી જનરલ સભામાં મંદિરના આગામી વિકાસ કાર્યો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે તેમજ નવા ટ્રસ્ટીમંડળની રચના કરાશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ટ્રસ્ટીમંડળ તથા મૂક કાર્યકર્તાઓ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહેલ છે.

### ડિપ્લોમા એન્જી. પ્રવેશ પ્રક્રિયા અને કારકિર્દી માર્ગદર્શન સેમીનાર

ભાવનગર,તા.૧૧

ACPDC અંતર્ગત ધોરણ-૧૦ પછી પ્રથમ વર્ષ અને ITI/TEBના કોર્ષ પછી બીજા વર્ષમાં ડીપ્લોમાં એન્જિનિયરીંગ (C TO D) ના કોર્ષમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા, સંસ્થા અને કોર્ષ અંગેની માહિતી તથા કારકિર્દી ઘડતર અંગેના માર્ગદર્શન અર્થે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરેલ છે.

સંસ્થાના આચાર્ય ડો. એ. એસ. પંડ્યાનો દરેક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ કાર્યક્રમમાં સમયસર હાજર રહીને બહોળા પ્રમાણમાં આ તકનો લાભ લેવા અનુરોધ છે. તા.૧૨ને રવિવાર સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સેમીનાર હોલ, સર ભાવસિંહજી પોલિટેકનિક ઈન્સ્ટીટ્યુટ(BPTI), વિદ્યાનગર, ભાવનગર ખાતે સેમિનાર યોજાશે.

## ઝોન કક્ષાએ ફૂટબોલ સ્પર્ધામાં બીજો નંબર મેળવતી ટીમ ભાવનગર



ખેલ મહાકુંભમાં અંડર ૧૪ બહેનોની ઝોન કક્ષાની ફૂટબોલ સ્પર્ધા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ભાવનગર ખાતે યોજવામાં આવી હતી જેમાં શિહોર તાલુકાના ઢૂંઢસર અને પાલિતાણા તાલુકાની મોટી પાણીયાળી કેન્દ્રવર્તી શાળાની બનેલી ફૂટબોલ ટીમે ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા શાનદાર પ્રદર્શન કરી રોજકોટ અને ગીર સોમનાથ જિલ્લા સામે વિજય મેળવ્યો હતો. બે જિલ્લા સામે વિજય મેળવી ઝોન કક્ષાએ બીજો નંબર મેળવનાર ભાવનગર જિલ્લાની આ ટીમ આગામી દિવસોમાં રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. ટીમના શાનદાર પ્રદર્શન બદલ બંને શાળાના આચાર્ય તથા કોચ, મેનેજર તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# ચાર વર્ણમાં સાધુ ન આવે પણ ગમે તે વર્ણમાંથી સાધુ થઈ શકે

### તળાજાના દાંત્રડ ગામે યોજાયેલ વિષ્ણુ મંડપ તેમજ સાધુ મિલનમાં મોરારીબાપુનું ઉદબોધન

ભાવનગર,તા.૧૦

પૂ.મોરારીબાપુ તેમજ સાધુ સંતો ની હાજરીમાં તળાજા તાલુકાના દાંત્રડ ગામે વિષ્ણુ મંડપ તેમજ સાધુ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. અહીંનાશ્રી શિલદાસજી હરિયાણી તેમજ પરિવારના સમાધિસ્થ આત્માના કલ્યાણ અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાધુ સંતો, અગ્રણીઓ, ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ વેળાએ પૂ. મોરારિબાપુએ સાધુ શબ્દ પર ઉદબોધન કરતાં કહ્યું હતું કે, સાધુ કોઈ જ્ઞાતિ વાચક શબ્દ નથી, ચાર વર્ણમાં સાધુ ન આવે પણ ગમે તે વર્ણમાંથી સાધુ થઈ શકે.... રામચરિત માનસમાં




તુલસીએ ભગવાન રામને સાધુ કહ્યા છે, ભરતજી ને પણ સાધુ કહ્યા છે..! અરણ્યકાંડના સમાપનમાં નારદજીએ ભગવાન રામને પૂછ્યું કે મને સાધુનો મહિમા કહો... ત્યારે ભગવાન રામે કહ્યું કે " શેષ સરસ્વતી સદાકાળ લખ્યા કરે તો પણ સાધુનો મહિમા ન ગાય શકે". આ સાધુ સભામાં મોરારીબાપુએ રામાયણના અનુસંધાને વાત કરતા વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ વૃક્ષનું મૂળ ન દેખાય માત્ર તેનું ફળ જ દેખાય સાધુઓનું મૂળ વેરાગ્ય છે. સાધુ સમાજને ટકોર કરતાં જણાવ્યું કે "ઘરમાં દરરોજ રામાયણના પાઠ તેમજ ગીતાજીના પાઠ થવા જ જોઈએ". આ વિષ્ણુ મંડપ- સંત મિલન કાર્યક્રમમાં મહામંડલેશ્વર પૂ. રમજુબાપુ,જુનાગઢ થાણાપતી લહેરગીરીબાપુ, કથાકાર મહાવીરદાસબાપુ અગ્રાવત તેમજ સંતો, સાધુ સમાજના અગ્રણીઓ રાજકીય આગેવાનો, ગામજનોની બહોળી ઉપસ્થિતિ રહી હતી. અહીં વિષ્ણુ સ્તંભ પૂજન, સુંદરકાંડના પાઠ, સંતોના સામૈયા અને સાધુ સભા સાથે મંડપની મહા આરતી અને મહાપ્રસાદ ભોજન વગેરે કાર્યક્રમોનું આયોજન થયું હતું. રાત્રિના સંતવાણી કાર્યક્રમ પણ યોજાયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# ૮૦ના દાયકાની ચૂંટણી

એક સમયે ગુજરાતમાં માધવસિંહ સોલંકી ની બોલબાલા હતી તેમના નેતૃત્વ નીચે ગુજરાતે તે સમયે ૧૮૨ માંથી ૧૫૯ બેઠકો જીતીને તહેલકો મચાવી દીધો હતો. આની પાછળનું કારણ તેનું નેતૃત્વ અને ચૂંટણીની એક અનોખી થીયરી કારણભૂત હતી તેથી તે સમયે લોકો ખામ થિયરી તરીકે ઓળખે છે ચૂંટણીમાં જંગી જીતો અપાવનાર આ થિયરી આજની પેઢીના કોંગ્રેસના નેતાઓ તથા કાર્યકરોને ખબર નથી.

જે રાજકીય પક્ષ પોતાના ભૂતકાળને ભૂલી જાય છે ભૂતકાળની સફળતાને ભૂલી જાય છે તે પક્ષ કોઈ સંજોગોમાં જીતી શકતો નથી તે પણ એક હકીકત છે કોંગ્રેસમાં પણ એમ જ બન્યું છે માધવસિંહ સોલંકીના સમયમાં કોંગ્રેસને જંગી બહુમતી કેવી રીતે મળી તેના કારણો તપાસવાની આજ કોઈ પાસે સમય નથી આની જાણકારી નથી ઇતિહાસ ભુલાયો અને પડતી શરૂ થઈ ગઈ કોંગ્રેસને પણ એ જ હાલ થયા છે બીજા તબક્કાના મતદાન પછી કોંગ્રેસની છાવણીમાં માયુષી છવાયેલી છે. માધવસિંહ સોલંકીના સમયમાં જે ખામ થિયરીનો અમલ કરવામાં આવ્યો હતો. એ જાણવા જેવી છે

જ્યારે-જ્યારે ગુજરાતમાં ચૂંટણી જીતવા માટે રાજકીય સમીકરણો બેસાડવાની ચર્ચા થાય, ત્યારે 'ખામ' સમીકરણની અચૂકપણે ચર્ચા થાય. નેતા માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસે ૧૮૨માંથી ૧૪૯ બેઠક જીતી હતી, જે આજપર્યંત એક રેકર્ડ છે.ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન ૧૫૧ બેઠક જીતવાનું લક્ષ્યાંક મૂકીને ભાજપે નવો કીર્તિમાન સ્થાપવા માટે પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં કારમી નિષ્ફળતા મળી હતી. ગત ચૂંટણીમાં પાર્ટી ૯૯ પર સમેટાઈ ગઈ હતી.

ભાજપનો આરોપ છે કે 'ખામ'ના કારણે લગભગ એક દાયકા સુધી ગુજરાતીઓ વિભાજિત થઈ ગયા હતા અને ગામડાં સુધી તેની લ્હાય અનુભવાઈ હતી. કથિતપણે રાજકારણમાં ઉચ્ચ જ્ઞાતિઓના પ્રભુત્વને સમાપ્ત કરવા માટે આ સમીકરણ ઘડવામાં આવ્યું હતું.

જો KHAM સમીકરણમાં 'K' (ક્ષત્રિય-ઠાકોર), 'H' (હરિજન, શિડ્યુલ્ડ કાસ્ટ), 'છ' (આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) તથા 'ર' મુસ્લિમોને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવવામાં આવે છે

એંશીના દાયકામાં માધવસિંહ સોલંકી ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમો ખામ થિયરીને એક મંચ પર લાવ્યા હતા.

KHAM સમીકરણમાં 'K' (ક્ષત્રિય-ઠાકોર), 'H' (હરિજન, શિડ્યુલ્ડ કાસ્ટ), 'છ' (આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ) તથા 'M' મુસ્લિમોને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવવામાં આવ્યા હતા.

ખામની સફળતાને ટાંકવા માટે ૧૯૮૫નાં ચૂંટણીપરિણામોને ટાંકવામાં આવે છે, જેમાં કોંગ્રેસ પાર્ટીને ૧૮૨માંથી ૧૪૯ બેઠક મળી હતી.

# મહારાજા ભાવસિંહજી-બીજાનાં સુધારાઓ

**ઈ.સ. ૧૯૧૨માં દુષ્કાળ પડ્યો હતો આ દુષ્કાળ ગામડાઓમાં "ઢેફા કાળ" તરીકે પ્રખ્યાત થયો હતો**

**દુષ્કાળ રાહત સમિતિઓને રાજયે લોકભાગીદારી પ્રથાથી કામકરતી કરી હતી**

**૧ એપ્રિલ ૧૯૦૨ના રોજ ભાવનગર ખાતે ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેન્કનો જન્મ થયો**

**"રાજ્યો રચાતા હશે ભુજ બળથી, પણ ટકે છે સદ્ ગુણોથી."**

**ભાવનગર ૩૦૦ - બળદેવસિંહ ગોહિલ**

વી.સં.૧૯૫૬ના દુષ્કાળ પછી વી.સં.૧૯૬૮માં એટલે કે ઇ.સ. ૧૯૧૨માં સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં અમુક ભાગમાં દુષ્કાળ પડ્યો હતો. આ દુષ્કાળ ગામડાઓમાં "ઢેફા કાળ" તરીકે પ્રખ્યાત થયો હતો. છપ્પનિયા દુષ્કાળના ખરાબ અનુભવ પછી રાજય અને પ્રજાએ પશુઓના ચારાના સંગ્રહને જરૂરી ગણ્યો હોવાથી આ દુષ્કાળમાં પ્રમાણમાં મુશ્કેલીઓ ઓછી વેઠવી પડી હતી. કહેવાય છેને કે દરેક પરિસ્થિતી કઇક શીખવીને જાય છે. આ દુષ્કાળમાં દુષ્કાળ રાહતસમિતિઓ અને કેટલકેમ્પ શરૂ થયા હતા. દુષ્કાળ રાહત સમિતિઓ ને રાજયે લોકભાગીદારી પ્રથાથી કામકરતી કરી હતી. જેટલી રકમ રાહત સમિતિ એકત્ર કરે તેટલી જ રકમ ભાવનગર રાજય પોતાના તરફથી આપશે તેવી યોજના રાજયે અમલમાં મૂકી હતી. બીજી અગત્યની બાબત એહતી કે રાજય આ સમિતિઓના કાર્યમાં કોઇહસ્તશેપ કરતું નહીં. સમિતિઓને સ્વતંત્રતા અને પ્રોત્સાહન મળતા આ રાહતસમિતિઓએ ખુબ જ પ્રસંશાપાત્ર કામગીરી બજાવી. આમ રાજય અને લોકસંસ્થાઓ દ્વારા મુશ્કેલીના સમયે દુષ્કાળ રાહતકાર્ય કરવામાં આવ્યા હતા. જે અન્ય રાજયો કે વિસ્તારમાં બન્યા ન હોતા.

ભાવસિંહજીના સમયના નાણાંકીય સુધારા :

ભાવસિંહજી-૨જા વિવિધક્ષેત્રે સુધારા કરવાની મહેચ્છા ધરાવતા હતા પરંતુ પરંતુ રાજયની નાણાકીય પરિસ્થિતી તે માટે સાનુકૂળ ન હતી. ગૌરીશંકર ઓઝાના પૂત્ર વિજયશંકર ઓઝા (વજલભાઇ) નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામું દઈ ઇ.સ. ૧૯૦૨માં નિવૃત્ત થયા. ભાવસિંહજીએ પોતાના હજુર સેક્રેટરીશ્રી પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની ઇ.સ. ૧૯૦૨માં મુખ્યદીવાન તરીકે નિમણૂક કરી. તેમની સાથે મસલત કરીને ભાવસિંહજીએ ૨૦લાખ રૂપિયાના ૫% વ્યાજના ૨૦વર્ષની મુદતના 'ભાવનગર સ્ટેટ બોન્ડ' બહાર પાડ્યા. ભાવનગર ઉપરાંત બ્રિટિશ હિન્દ, બર્મા અને દક્ષિણ આફ્રિકાથી પણ લોકોએ આ બોન્ડ ખરીદવામાં રસ દાખવ્યો હતો. ભાવનગર રાજયની સારી પ્રતિષ્ઠાને હિસાબે આ બોન્ડો થોડી મુદતમાં જ ખપી ગયા અને 'કરજ ન રાખે લેશ.' પ્રમાણે રાજયે વિજયશંકર ગૌરીશંકર ઓઝા પાસેથી લીધેલી રૂપિયા ત્રીશ લાખની લોન ભરપાઈ કરી દીધી.

આજથી ૧૨૨ વર્ષ પહેલા ભાવસિંહજી બીજા પોતાના રાજ્યની રેલ્વે તથા બંદરોના વિકાસ માટેની મનોકામના ધરાવતા હતા. પરંતુ આ વિકાસકાર્યો કરવા માટે મોટાપ્રમાણમાં નાણાની જરૂરીયાત હતી. રાજયના લોકોને રાજય અને રાજવીમાં ખુબજવિશ્વાસ અને શ્રદ્ધા હતા તે ભાવસિંહજી જાણતા હતા. આ વિશ્વાસ સાથે ભાવસિંહજીને બેન્ક શરૂ કરવાનો વિચાર આવ્યો જેનાથી ૧ એપ્રિલ ૧૯૦૨ના રોજ ભાવનગર ખાતે "ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેન્ક"નો જન્મ થયો. આ દિવસ ભાવનગર રાજયના ઇતિહાસમાં સુવર્ણપૃષ્ટમાં આલેખાયો છે. પછીથી આ બેન્કનુંનામ 'ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેંક' રાખવામાં આવેલ. બેન્કમાં થાપણ પર ૩.૭૫ % વ્યાજ આપવામાં આવતું. ભાવનગર રાજ્ય ઉપરાંત બ્રિટીશ હિન્દ, રંગુન, ઝાંઝીબાર વગેરે જગ્યાએથી લોકો બેન્કમાં નાણા રોકવા લાગ્યા. આ બેન્કનું ખાતું 'બેંક ઓફ બોમ્બે'માં મુંબઈ ખાતે ખોલવામાં આવેલ. તેથી કાગદી ચલણ (નોટો) ની લેવડ દેવડ શરૂથઇ. જેને નાણાકીય વ્યવહાર માટે આધુનિક યુગના પગરણ સમાન ગણી શકાય. રોકડ રૂપિયાના બદલે નોટોનું ચલણ વધ્યું. જેથી ઘણી અનુકુળતાઓ વધી. આ બેંક શરૂઆતમાં રાજ્યના હિસાબી વિભાગના એક ભાગતરીકે કાર્યકરતી હતી. ઈ.સ. ૧૯૧૮થી તેને અલગ સ્વતંત્ર કરવામાં આવી. બેન્કે વેપાર અને અન્ય પ્રવૃત્તિઓને ધિરાણ આપવાનું શરૂ કર્યું. ભાવનગરમાં વીજળીની સગવડતા માટે બેન્કે રૂ. ૩લાખની શાખ 'ગોધરા વીજળી કંપની' ને આપી હતી. તેમ જ વહાણવટાના વિકાસ માટે 'ભારત લાઈન લીમીટેડ'ને રૂ. ૩૦લાખનું ધિરાણ આપ્યું હતું.

ભાવસિંહજી બીજા ગાદીએ આવ્યા ત્યારે રાજ્યમાં ૧૯૨ કી.મી રેલ્વે લાઇન હતી. તેની વાર્ષિક આવક રૂપિયા ૫લાખ હતી. બેંક શરૂ થતા લોકોના નાણા બેંક પાસે આવતા રાજયે તેના થકી નવીરેલ્વે લાઈનો નાખવી શરૂ કરી. (ઢસા થી કુંડલા, શિહોરથી પાલીતાણા અને બોટાદથી જસદણ) જે બ્રાંચ લાઈનો થવાથી કુલ ૪૮૦ કિ.મી. થઇ. તેની આવક ૩૦ થી ૩૫લાખ રૂ. જેવી થઇ. જે ભાવસિંહજીની દીર્ઘ દ્રષ્ટિનું પરિણામ હતું. સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના થતા આ બેંક ('ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેંક') 'સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર'માં વિલીન થઇ. સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર ની શાખો વિશ્વભરમાં હતી. પરંતુ તેનું હેડ ક્વાટર ભાવનગર ખાતે રખાયું હતું. થોડા વર્ષો પહેલા બેન્કોના મર્જ કરવાના પ્રસંગે 'સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર'નું તા.૧૩ ઓગસ્ટ ૨૦૦૮ નારોજ 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા'માં વિલીનીકરણ કરવામાં આવ્યું. આજે ભાવસિંહજીએ સ્થાપેલ બેંક 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા'માં વિલીન થયેલી બેન્ક તેરીકે વિશ્વ ભરમાં કાર્યકરી રહી છે.

આરોગ્ય માટેના પ્રયાસો.

ભાવનગર રાજય દરેક ક્ષેત્રમાં પ્રજાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓ વિચારીને જ કાર્યો કરનાર તરીકે પંકાયું હતું. તેમની કલ્પના તબીબી સહાય અને જાહેર આરોગ્યની બાબતમાં કેટલી સ્પષ્ટ હતી, તેનો ખ્યાલ વીસમી સદીની શરૂઆતમા ઈ.સ. ૧૯૦૩માં રાજયમાં પ્લેગની મહામારી ફેલાણી ત્યારે ભાવનગરના મહારાજા ભાવસિંહજીબીજાએ પ્રજાની સુખાકારી માટે અસરકારક પગલા લઇ પ્રજાકલ્યાણ ક્ષેત્રે પોતાની નીતિના દર્શન કરાવ્યા હતા.

ઈ.સ. ૧૯૦૩માં પ્લેગના રોગની શરૂઆત ઓગસ્ટ માસ દરમ્યાન તળાજા મહાલમાં થયેલ. નવેમ્બર સુધીમાં ભાવનગર રાજ્યના ભાવનગર, સિહોર, ઉમરાળા, તળાજા, ધોળા, વરતેજ, કુંડલા, બુધેલ, રાજુલા, ગઢડા, બોટાદ, મહુવા અને જેસર એમ કુલ ૧૩ પ્રાદેશિક વિસ્તાર હતા તે તમામમાં ફેલાઇ ગયેલ. રાજ્ય અને પ્રજાને આ રોગથી વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. રાજ્યના કુલ ૫૨૬૨ લોકો રોગના ભોગ બન્યા હતા. જેમાંથી ભાવનગરના ૩૨૧૧ સાથે કુલ ૪૨૨૦ લોકોને બચાવી શકાયા ન હોતા. આ આકડાઓ પરથી ખ્યાલ આવે છે કે રોગની ભયાનકતા કેટલી હતી. આ ભયાનકતાથી ગભરાયા વગર ભાવનગર રાજ્યે પ્રજાકલ્યાણ માટે કેટલાક ઝડપી અને વ્યાપક નિર્ણયો લઇ લોકકલ્યાણ નાં કાર્યો કર્યા હતા. (૧) ભાવનગર સહીત તમામ પ્રાદેશિક વિસ્તારમાં કામચલાઉ ધોરણે દવાખાના શરૂ કરાયા. (૨) રોગગ્રસ્ત વિસ્તારોમાંથી અન્ય સ્થળે લોકોને સ્થળાંતર કરવામાં રાજ્ય તરફથી મદદ અને વ્યવસ્થા કરવામાં આવી હતી. (૩) રાજ્યદવારા દરેકઘરમાં દવાનો છંટકાવ કરી સંપૂર્ણરીતે ચેપી જંતુઓથી મુક્ત કરવામાં આવેલ. અધિકારીઓ ને સિધ્ધિ દેખરેખ રાખવા ફરમાન કરાયું હતું. (૪) ઓપરેશનની કાર્યવહી રાજ્યના મુખ્ય મેડીકલ ઓફિસરની જાત દેખરેખ તળે થતી હતી. આ રીતે જડપી અને અસરકારક પગલાં ભરીને ભાવસિંહજીએ પોતાના રાજયની પ્રજાની સુખાકારી માટે પગલાં લઈને પોતાની પ્રજા કલ્યાણક્ષેત્રે નીતિના દર્શન કરાવ્યા હતા. ભાવસિંહજી બીજાને આયુર્વેદ પ્રત્યે ખુબ આદર હતો. તેઓ પોતાની અંગત દેખરેખ નીચે 'અભ્રકભસ્મ' વગેરે ઉંચી કિંમતના રસાયણો બનાવડાવતા હતા. સિહોર ખાતે અસ્માલ વૈદ્ય હાડવૈદ્ય તરીકે ખ્યાત હતા. તેમની પ્રખ્યાતી મુંબઈ સુધી હતી. તે સમયના પોલી. એજન્ટ લેફ. કર્નલ જે.એમ. હંટરે(૧૮૯૬-૧૯૦૧)તેમની પ્રશંસા કરતા કહ્યું હતું કે "હુતો ભાવનગર આ અંગે તમને સલાહ દેવા આવેલો, પરંતુ તેના બદલે મેં અહીં રહીને આ અંગે ઘણું નવું જાણ્યું છે."

ભાવસિંહજી બીજાનાં શાશન દરમ્યાન દુષ્કાળ, પ્લેગ રોગ જેવા કુદરતી આફતના બનાવો બનવા પામેલા પરંતુ આફતોનો મક્કમતાથી સામનો કરી પ્રજાકલ્યાણના કામો કરી ને તેમણે સાબિત કરી બતાવ્યું. "રાજ્યો રચાતા હશે ભુજ બળથી, પણ ટકે છે સદ્ ગુણોથી." આ સુત્ર ચરિતાર્થ કરી બતાવ્યું.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ સમયે ઘણા ગ્રહો નક્ષત્રોની અનુકૂળ હિલચાલ તમને તમારા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવા માટે પ્રોત્સાહિત કરશે. તેથી, તેનો સારો અને યોગ્ય લાભ લો. તમને આ અઠવાડિયે આર્થિક જીવનમાં ભાગ્ય મળશે, પરંતુ જો તમે આ સમય દરમિયાન કોઈ રોકાણ કરવા માંગતા હો, તો પ્રથમ વાસ્તવિકતાઓનું મૂલ્યાંકન કરો અને માત્ર ત્યારે જ રોકાણ કરો. નહીં તો તમારા પૈસા અટવાઈ શકે છે. સ્વજનો સાથેના તમારા સંબંધોને નવજીવન આપવામાં તમને આ અઠવાડિયે વિશેષ સફળતા મળશે. વળી, ઘરેલુ બાબતો અને લાંબા સમયથી બાકી રહેલા ઘરકામ માટે આ સમય સારો સપ્તાહ સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પ્રેમી અને રોમાંસ તમારા મન અને હૃદય પર પ્રભુત્વ ધરાવશે. જેથી તમે કરો છો તે બધા કાર્યોમાં તમે તેમની ગેરહાજરીનો અનુભવ કરશો. આવી સ્થિતિમાં, તમારે ઓફિસથી ઝડપી રજા લેવી જોઈએ અને પ્રેમીને મળવાનું પણ નક્કી કરવું જોઈએ. જોબ પેઝા સાથે સંકળાયેલા લોકોને આ અઠવાડિયામાં, ઘણી વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. કારણ કે સંભવ છે કે જો તમે ઇચ્છતા ન હોવ તો પણ તમે આવી ભૂલ કરી શકશો, જેના કારણે તમે તમારા સિનિયરો દ્વારા બદનામ થઈ શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે તમે માનસિક અને શારીરિક રીતે થાક અનુભવી શકો છો. આવી સ્થિતિમાં, થોડો આરામ અને પૌષ્ટિક આહાર લેવાથી, તમારી શક્તિનું સ્તર વધારવું અને તેમાં સુધારો કરવો. કારણ કે આમ કરવાથી તમારા સ્વાસ્થ્ય માટે ખાસ કરીને સારું સાબિત થશે. આ અઠવાડિયામાં તમારા મનમાં સર્જનાત્મક વિચારોની કોઈ કમી રહેશે નહીં, પરંતુ તમારા માટે આ વિચારોને યોગ્ય દિશામાં વાપરવા અને તેમાંથી સારા નાણાકીય લાભ મેળવવું મહત્વપૂર્ણ રહેશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યો છે તેથી જ એક મહાન નવો વિચાર તમને આર્થિક લાભ કરશે. તેથી, બિનજરૂરી વસ્તુઓ પર સમય બગાડો નહીં, તમારા પ્રયત્નોને યોગ્ય દિશામાં ચાલુ રાખો. સુખી અને અદ્ભુત અઠવાડિયા માટે, તમારું ઘર મહેમાનોથી ભરાઈ શકે છે. આ સાથે, પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ પણ પરિવારના સભ્યોને ખુશ રાખવામાં મદદ કરશે. આ અઠવાડિયે તમારી લવ લાઇફના પરિપ્રેક્ષ્યમાં, તમને તમારા જીવનમાં શાંતિ મેળવવાની તક મળશે. બીજી તરફ, જો તમે હજી પણ કોઈ પ્રેમ પ્રણયથી દૂર જતા રહ્યા હોવ, તો આ સમય દરમિયાન તમે તમારી જાતને એક સારા વ્યક્તિ સાથે પ્રેમ સંબંધમાં બાંધવાનો પ્રયત્ન પણ કરશો. એટલે કે, તમે આ અઠવાડિયામાં કોઈ ખાસ વ્યક્તિને મળી શકો છો.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયે, ઘરના અથવા પરિવારના ઉપચાર સંબંધિત ખર્ચમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. આને કારણે તમારે આર્થિક સંકટની લાગણીને કારણે માનસિક તાણ અને અસ્વસ્થતાનો પણ સામનો કરવો પડી શકે છે. તેથી પોતાને શાંત રાખવાનો પ્રયાસ કરો, અન્યથા અન્યના નબળા સ્વાસ્થ્યની સાથે, તમારે તમારા પૈસા તમારા પોતાના નબળા સ્વાસ્થ્ય પર પણ ખર્ચ કરવા પડશે. ઘણા બધા ઉતાર-ચડાવ પછી આ રાશિના ચિહ્નોની આર્થિક બાજુ આખરે સામાન્ય દેખાશે. કારણ કે ત્યાં એવી સંભાવના છે કે, જો તમે અઠવાડિયાના પ્રારંભિક દિવસે તમને સારા પરિણામ નહીં આપે, તો પણ ધીમે ધીમે તમારી પાસે જુદા જુદા સંપર્કોથી પૈસા હશે. તેથી, આ અઠવાડિયે નસીબનો યોગ્ય લાભ લઈ તમારા પૈસા બચાવવા તરફ પ્રયાસો કરો. આ અઠવાડિયે તમે તમારા સૂચનો અને તમારા અભિપ્રાયને મિત્રો અને સંબંધીઓ પર લાદતા જોશો. જો કે તમને આમ કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ ફક્ત તમારી છબી માટે ખાસ ફાયદાકારક સાબિત થશે નહીં. ,લટાનું, તમે બીજાઓને ગુસ્સો કરીને તમારી સામે ઊભા પણ થઈ શકો. આ અઠવાડિયે, આ રાશિનો વતની મૂળ તેના પ્રેમીને અને પ્રેમિકાને તેના પ્રેમ દર્શાવવા માટે તમામ પ્રયત્નો કરશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયાની શરૂઆત તમારા માટે ઊર્જાથી ભરેલી નથી, અને તમે નાની નાની બાબતોમાં પણ નારાજ દેખાશો. આવી સ્થિતિમાં તમારે થોડુંક શાંત થવાની જરૂર રહેશે, નહીં તો તમારું તામસી સ્વભાવ તમારું આરોગ્ય બગાડી શકે છે. આ અઠવાડિયે, જો તમે તમારી આર્થિક સ્થિતિને મજબૂત કરીને પૈસા કમાવવા માંગતા હો, તો તમારા માટે સફળતાનો મંત્ર એ છે કે તમારે તમારા નાણાં ફક્ત એવા લોકોની સલાહ પર જ રોકાણ કરવુંજોઈએ કે જેઓ મૂળ વિચારસરણી છે અને તમારા કરતા વધુ અનુભવી છે. માત્ર ત્યારે જ તમે તમારી સંપત્તિ સુરક્ષિત કરતી વખતે નફો પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, તમે ઘરના કામમાં રસ લઈને ઘરની અન્ય મહિલાઓને મદદ કરી શકો છો. આ તમને કુટુંબમાં વધતા માન અને સન્માનની સાથે અન્ય સભ્યો સાથેના તમારા સંબંધને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ અઠવાડિયે પ્રેમની શોધમાં, એકલા લોકો કોઈને પણ આંધળા વિશ્વાસ કરી શકે છે. જેના કારણે તેઓને પછીથી મુંહ ની ખાવી પડશે. આ કિસ્સામાં, રોમાંસ અને પ્રેમના કિસ્સામાં, આ સમય દરમિયાન, તમારે તમારા મનનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવે છે.

**સિંહ - (મ, ટ) :-** આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. જો પૈસા કે જમીન સંબંધિત કોઈ બાબત કોર્ટમાં સસ્પેન્ડ કરવામાં આવી હતી, તો આ અઠવાડિયે, તેનો નિર્ણય તમારા પક્ષમાં આવશે. જેની સાથે તમને માત્ર પૈસા જ નહીં મળે, પરંતુ તમારી નબળી આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. આ અઠવાડિયે તમે કોઈ જૂના મિત્ર, જીવનસાથી અથવા કોઈ બીજા સાથે પ્રેમી જોઈને થોડો દુઃખી થઈ શકો છો. આ કારણોસર, તમે પરિવાર સાથે સમય વિતાવવાનું ટાળતા, એકલા રહેવાનું પસંદ કરશો. આ અઠવાડિયામાં એકલ વતની માટે દરરોજ વિરોધી લિંગ વ્યક્તિ સાથે પ્રેમ કરવાની તેમની આદત બદલવા માટે સૌથી વધુ જરૂરી બનશે. ખાસ કરીને જો તમે હવે કોઈની સાથે વાસ્તવિક પ્રેમ સંબંધમાં જોડાવા માંગતા હો, તો તમારે તમારી બધી ખરાબ ટેવો બદલવી પડશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયે તમારે આવી બધી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવાની જરૂર પડશે, જે તમને હળવા કરશે. ઉપરાંત, આવા કાર્યોથી દૂર રહો, જે તમારી છબીને તેમજ તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. આ માટે, તમારા મગજમાં નકારાત્મક વિચારો ન આવે તે વધુ સારું છે, અને તમારા ફાજલ સમયમાં અહીં અને ત્યાં વાત કરવાને બદલે, કચુંબર ખાતી વખતે કોઈ પુસ્તક વાંચો. તમારી ઇચ્છાઓ આ અઠવાડિયામાં પ્રાર્થના અને શુભેચ્છા દ્વારા પૂર્ણ થશે. કારણ કે આ સમય તમને ભાગ્યનો સાથ આપશે, જેના કારણે તમારા પાછલા દિવસની મહેનત પણ ચૂકવાશે અને તમે તમારા દરેક ઋણની ચુકવણી કરવામાં સફળ થશો. આ અઠવાડિયે, ઘરની કોઈ સભ્ય અથવા મિત્ર પ્રત્યે તમારી લાગણી વ્યક્ત કરવાનું ટાળો. નહિંતર, તે વ્યક્તિ તમારી વિશ્વાસનો લાભ લઈને તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી તમારી લાગણીઓને તમારા સુધી મર્યાદિત રાખો, તે તમારા માટે સારું રહેશે. આ અઠવાડિયે, તમે ફરીથી તમારા જૂના પ્રેમીને ચૂકી શકો છો.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે, કમિશન, ડિવિડન્ડ અથવા રોયલ્ટીના કામ દ્વારા તમને મોટો ફાયદો મળશે. ઉપરાંત, તમારામાંના ઘણા આવી કોઈ યોજનામાં નાણાં રોકવા માટે તૈયાર હશે, જે નફાની સંભાવના બતાવે છે અને તે વિશેષ છે. આ અઠવાડિયે તમારા વર્તનને જોઈને, અન્ય લોકોને લાગે છે કે તમે ફેમિલી-ફ્રન્ટ પર ખૂબ ખુશ નથી અને તમે તમારા અંગત જીવનમાં આવી ઘણી અડચણોનો સામનો કરી રહ્યા છો. જેના કારણે તમે અંદરથી ગૂંગળામણ અનુભવી રહ્યા છો. તમારા આ વર્તનને લીધે, તમારે તમારા કાર્યક્ષેત્રમાં તમારું મન મૂકવામાં થોડી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ અઠવાડિયે પ્રેમમાં ધાર્યા કરતા ઓછા સારા પરિણામ હોવાને કારણે મનમાં થોડી નિરાશાની સંભાવના છે. પરંતુ સારી વાત એ છે કે જો તમે આ સમય દરમિયાન પ્રતિકૂળ સંજોગો હોવા છતાં હિંમત નહીં ગુમાવશો, તો અઠવાડિયાના અંત સુધી, તમે તમારા પ્રેમી પાસેથી પ્રેમ, ટેકો અને રોમાંસ મેળવી શકશો. આ અઠવાડિયે, વેપારીઓને તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કોઈ મોટો નિર્ણય લેવો પડી શકે છે. જો કે, આ અઠવાડિયામાં કોઈ નિર્ણય લેતી વખતે, તમારા અહમને મધ્યમાં ન આવવા દો. પણ, જરૂર પડે ત્યારે તમારા જુનિયર સાથીઓની મદદ લેવી, અને તેમના વિચારો અને સૂચનો પર ધ્યાન કેન્દ્રિત કરો.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ વર્ષે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા સારું રહેશે, જેના કારણે તમે તાજગી અનુભવતા હશો. આ તે સમય હશે જ્યારે તમે તમારા ખુશ વલણથી, ખુલ્લેઆમ અન્ય લોકો સાથે મજાક કરતા જોશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે ધંધામાં સારો નફો મેળવી શકો, જેથી તમે કોઈ મોટા પૈસા કમાવામાં સફળ થઈ શકો. પરંતુ પૈસાની ઝગઝગાટ સામે, તમારે થોડી કાળજી લેવાની જરૂર રહેશે. આવી ઉતાવળમાં, પૈસાથી સંબંધિત કોઈ નિર્ણય ન લો. ખાસ કરીને જ્યારે મહત્વપૂર્ણ આર્થિક સોદાની વાટાઘાટો કરતી વખતે, તમારે થોડો સમય કાઢીને, યોગ્ય રીતે વિચારવાની જરૂર રહેશે. આ અઠવાડિયામાં ઘરે કોઈ સભ્યનું સ્થાન બદલવું શક્ય છે, અથવા સંભવ છે કે તમે તમારા વર્તમાન રહેઠાણ સ્થળથી દૂર જવાનું વિચાર્યું છે. આ અઠવાડિયે તમે તમારી વ્યસ્ત જીવનમાંથી થોડો સમય કાઢીને તમારા પરિવાર સાથે સમય વિતાવતા અને સાથે બેસીને અને કુટુંબ સંબંધિત કોઈપણ નિર્ણય અંગે ચર્ચા કરતા જોશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સમય દરમિયાન, તમારા સ્વાસ્થ્યમાં ઘણા સારા ફેરફારો જોવા મળે છે. જેમને મેદસ્વીપણાની સમસ્યા હોય તેમના માટે સમય ખાસ સારો રહેશે. કારણ કે તે લોકો તેમની કેટલીક સમસ્યાઓ કાયમ માટે છુટકારો મેળવવામાં સક્ષમ હશે. આ અઠવાડિયે તમારી સામે કોઈ નવી યોજના સાથે કોઈ તમને નવી કરારના ફાયદા બતાવી શકે છે. આવી સ્થિતિમાં, કોઈ મૂર્ખ કાર્ય ન કરો, ઉતાવળથી નિર્ણય લેવાનું ટાળો, કારણ કે તમને તેનાથી અપેક્ષિત લાભ મળશે નહીં. આ રાશિના લોકો આ અઠવાડિયામાં તેમના પરિવારના સભ્યો સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કરશે. સંભવ છે કે તેમને પણ આમાં સંપૂર્ણ સફળતા મળશે. પરિણામે, તેઓને પરિવાર સાથે સારો સમય વિતાવવાની અને ઘરેલુ મુદ્દાઓ પર સલાહ આપવાની તક મળશે. તમે આ સમયે ઘરના નાના સભ્યો સાથેના તમારા સંબંધોમાં સુધારો કરી શકશો. જો તમે આ અઠવાડિયામાં તમારા પ્રિયજનને તમારા પરિવાર સાથે રજૂ કરવાના વિચારતા હોવ છો.

**મકર - (ખ, જ) :-**

આખા અઠવાડિયામાં, ડ્રાઇવરોને ખાસ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે, કારણ કે શક્ય છે કે તમારી થોડીક બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થાય. નાણાકીય બાજુની દ્રષ્ટિએ આ અઠવાડિયે વધુ સારું રહ્યું છે, પરંતુ આ હોવા છતાં તમારે હમણાં તમામ પ્રકારના નાણાંનું રોકાણ કરવાનું ટાળવું જોઈએ. જો કે, જો કોઈ કારણોસર આવું કરવું શક્ય ન હોય, તો તે તમારા માટે કોઈપણ રોકાણ તરફ તમારા પગલાં ફક્ત ખૂબ જ વિચારપૂર્વક લેવાનું મહત્વપૂર્ણ રહેશે. આ અઠવાડિયામાં પ્રેમ, મિત્રતા અને પરસ્પર બંધનમાં સારી વૃદ્ધિની સંભાવના છે. આ સાથે, કોઈપણ ઇ-મેલ અથવા સંદેશ પરિવાર માટે સારા સમાચાર લાવશે. જેના કારણે તમે તમારા આખા પરિવાર સાથે હસતા જોવા મળશે. પ્રેમ કુંડળી મુજબ આ રાશિ તમારી રાશિના લોકો માટે ખૂબ મહત્વનો સાબિત થશે. કારણ કે તમારી લવ લાઈફમાં કેટલીક સારી ક્ષણો આવશે અને તમે તમારી પ્રેમિકા સાથે સારી જિંદગી પસાર કરી શકશો. જો તમે ભૂતકાળમાં તમારી કારકિર્દીમાં થોડી નિરાશા અનુભવતા હો, તો પછી આ અઠવાડિયામાં વસ્તુઓ પાછો પ્રાપ્ત થવાની શરૂઆત થશે

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે, જો તમે તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરો છો, તો તે દૃશ્યમાન થશે. પરંતુ આ હોવા છતાં, આ સમય દરમિયાન, તમારે તમામ પ્રકારની લાંબી અંતરની યાત્રાઓ લેવાનું ટાળવું પડશે અને જો કોઈ મુસાફરી જરૂરી હોય તો, તમારી તબીબી તપાસ કર્યા પછી જ કોઈપણ યાત્રા માટે જશો. તમારે આ અઠવાડિયામાં તમારા પૈસાની વધુ બચત કરવાની જરૂર રહેશે, કારણ કે આ અઠવાડિયે કોઈ લેણદાર તમારા દરવાજા પર આવી શકે છે અને તમારી પાસેથી પૈસા માંગી શકે છે. આવી સ્થિતિમાં, જો તમે તેમને નાણાં પરત કરો છો, તો તમે આર્થિક રીતે પટકાઈ શકો છો, અને જો તમે પૈસા નહીં આપો તો તે તમારી પ્રતિષ્ઠાને અસર કરી શકે છે. આ અઠવાડિયે, તમારા પરિવારના સભ્યો તમારા પ્રેમ સંબંધની વચ્ચે આવી શકે છે, તમારા પ્રેમીને દુરૂપયોગ કરે છે. આનાથી તમારા પ્રેમીને જ નુકસાન થશે નહીં, પરંતુ તમારા સંબંધોમાં પણ અંતરની સંભાવના રહેશે. તેથી, પ્રેમીને કારણે શક્ય તેટલું, પરિવારના સભ્યો સાથે દલીલ કરવાનું ટાળો.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. આખા અઠવાડિયા દરમિયાન, તમારે તમારી સંચિત મૂડી સંગ્રહિત કરતી વખતે તેનો ખર્ચ કરવાનું ટાળવું પડશે. કારણ કે શક્ય છે કે આ સમયે તમારો મોટો ફાયદો થાય અને તમારા પરિવારજનો તમારી સાથે વાત કરશે અને તમારી બેંક બેલેન્સ માંગશે. આવી સ્થિતિમાં, જો તેઓને ખબર પડે કે તમે મોટાભાગનો નફો ખર્ચ કર્યો છે, તો તમારે તેમને નિંદા કરવી પડશે, સાથે જ તમે તેમની સામે શરમિંદગી અનુભવો છો. તેની સમસ્યાઓ હંમેશાં દરેક માટે મોટી હોય છે. અને આ અઠવાડિયે તે શક્ય છે કે તમારી સમસ્યાઓ, તમારા માટે ખૂબ મોટી, પરંતુ તમારે એ પણ સમજવું પડશે કે તમારી આસપાસના લોકો તમારી પીડા સમજી નહીં શકે. આ સ્થિતિમાં તેમની પાસેથી વધુ અપેક્ષા રાખવી તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આ અઠવાડિયામાં અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરવાનું ટાળો. શક્ય છે કે આ અઠવાડિયામાં કોઈ કારણોસર પ્રેમી અને તમારે એક બીજાથી દૂર રહેવું પડશે. આવી સ્થિતિમાં, તમારા પ્રિયથી દૂર રહેવાનું દુખ તમને પીડા આપશે. તેથી જો તમે ખરેખર તેમને યાદ કરીને કંટાળી ગયા છો, તો પછી તેમના ફોનની રાહ જોશો નહીં, તેમની પોતાની વર્તણૂક લો. તમને આ અઠવાડિયામાં તમારા ઉપરી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તરફથી સંપૂર્ણ પ્રશંસા અને ટેકો મળશે. આ સિવાય તમારી યાત્રાઓથી તમને ઘણો ફાયદો થશે.

# ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૩૫ રનથી હરાવ્યું

## મોહિતની ૩ વિકેટ; સુદર્શન-શુભમનની સદી, GTની પ્લેઓફની આશા જીવંત

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૫૯મી મેચમાં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૩૫ રનથી હરાવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૩૧ રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૯૬ રન જ બનાવી શકી હતી.

GTના કેપ્ટન શુભમન ગિલ (૧૦૪ રન)એ IPL ઈતિહાસમાં ૧૦૦મી સદી ફટકારી હતી. ગિલ બાદ સાઈ સુદર્શન (૧૦૩ રન)એ પણ પોતાની કારકિર્દીની પ્રથમ સદી પૂરી કરી હતી. બંનેએ ૨૧૦ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. CSK તરફથી તુષાર દેશપાંડેએ ૨ વિકેટ લીધી હતી.

CSK તરફથી ડેરીલ મિશેલે ૬૩ રન, મોઈન અલીએ ૫૬ રન, એમએસ ધોનીએ ૨૬ રન અને શિવમ દુબેએ ૨૧ રન બનાવ્યા હતા. મોહિત શર્માએ ૩ અને રાશિદ ખાને ૨ વિકેટ લીધી હતી.અને પુત્ર સાથે તળાવમાં કૂદી પડ્યો હતો. જ્યારે કોઈએ પ્રકાશનો મૃતદેહ જોયો તો તેને પોલીસને જાણ કરી. મોડી રાત્રે પ્રકાશ અને તેના પુત્ર રાહુલના મોત થયાનું પ્રકાશમાં આવ્યું હતું. પોલીસે પ્રકાશના પિતાનો મૃતદેહ ઘરમાંથી કબજે કર્યો છે.

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષા ઘેરો તોડીને પ્રશંસક ધોની પાસે પહોંચી ગયો



## એક વખત ધોની પણ ફેનને અચાનક તેની પાસે જોઈને ચોકી ગયો

મુંબઈ

IPL 2024માં અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષામાં ચુક જોવા મળી હતી. એક પ્રશંસક સુરક્ષા ઘેરો તોડીને ધોની પાસે પહોંચી ગયો હતો.

આ મેચમાં અંતિમ ઓવર દરમિયાન એક પ્રશંસક નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષા તોડીને અંદર પીચ પર પહોંચી ગયો હતો. તે ધોની પાસે પહોંચી ગયો હતો અને તેને ગળે લગાવ્યો હતો અને પગે પડ્યો હતો. થોડી વાર બાદ સુરક્ષાકર્મી તેને બહાર લઈ ગયા હતા. એક વખત ધોની પણ ફેનને અચાનક તેની પાસે જોઈને ચોકી ગયો હતો અને ફેનને જોઈને દોડવા લાગ્યો હતો.

# રોડ પર ચિકન રોલ વેંચતા બાળકને જોઈ અર્જુન કપૂર ભાવુક થયો, મદદ કરવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી

ઘણા લોકો સાથે નાની ઉંમરમાં એવી ઘટનાઓ બની જતી હોય જેના વિશે કોઈએ કલ્પના પણ ન કરી હોય. તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં દિલ્હીમાં રહેતો એક ૧૦ વર્ષનો છોકરો રોડ ઉપર ચિકન રોલ વેચીને ઘર ચલાવે છે. આ બાળકની સ્ટોરી એવી છે કે તેના પિતાનું અવસાન થયા પછી તેની માતા તેને અને તેની બહેનને છોડીને જતી રહી. જેથી તેણે પિતાના અવસાનના ૧૦ દિવસ પછીથી રોડ કિનારે રેકડી લગાવીને રોલ વેચવાનો વારો આવ્યો.

આ બાળકની સ્ટોરી અને તેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં અર્જુન કપૂર પણ તેની સ્થિતી જોઈને ભાવુક થઈ ગયો. વાયરલ વિડીયો ફેમ ૧૦ વર્ષના બાળકને અર્જુન કપૂર મદદ કરવા માંગે છે. અર્જુન કપૂરે તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે તકલીફ હોવા છતાં આ બાળક ચહેરા પર સ્માઈલ સાથે જીવી રહ્યો છે. પિતાના અવસાનના દસમા દિવસ પછીથી જ તેણે દુકાનનું કામ સંભાળી લીધું. આ આ સાથે જ અર્જુન કપૂરે લખ્યું છે કે આ બાળકની બહેનને ભણાવવા માટે તે મદદ કરવા માંગે છે તેને એવું પણ લખ્યું છે કે જો કોઈ આ બાળકના સંપર્કમાં હોય તો તે અર્જુન કપૂરને જણાવે.

જે બાળકને મદદ કરવા માટે અર્જુન કપૂર તૈયાર થયો છે તે બાળક લાઈમલાઈટમાં ત્યારે આવ્યો જ્યારે એક બ્લોગરે તેનો વિડીયો શેર કર્યો.




# હાર્દિક પંડ્યાના નામે શરમજનક રેકોર્ડ, કેપ્ટન તરીકે પહેલી જ સિઝનમાં મુંબઈ માટે નિષ્ફળતા

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલ ૨૦૨૪માં મોટા ફેરફારો સાથે પ્રવેશ કર્યો. મુંબઈની ટીમે ૫ વખતના ચેમ્પિયન કેપ્ટન રોહિત શર્માની જગ્યાએ હાર્દિક પંડ્યાને ટીમની કમાન સોંપી હતી. પરંતુ મુંબઈ ઈન્ડિયન્સ માટે કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યાની પ્રથમ સિઝન ઘણી ખરાબ રહી છે. તેની ટીમ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. આ પહેલા હાર્દિક પંડ્યાએ ૨ સિઝન માટે ગુજરાત ટાઈટન્સની કેપ્ટનશિપ કરી હતી અને બંને વખત ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી. એક વખત તે ટીમને ચેમ્પિયન બનાવવામાં પણ સફળ રહ્યો હતો.

મુંબઈ ઈન્ડિયન્સ ટીમ આઈપીએલ ૨૦૨૪માં પ્લેઓફની રેસમાંથી બહાર થનારી પ્રથમ ટીમ છે. તે જ સમયે, આઈપીએલના ઈતિહાસમાં આ માત્ર બીજી વખત છે જ્યારે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ પ્રથમ વખત પ્લેઓફની રેસમાંથી બહાર થઈ હોય. આ સાથે જ હાર્દિક પંડ્યા મુંબઈનો બીજો એવો કેપ્ટન બની ગયો છે જેની કપ્તાનીમાં ટીમને પ્લેઓફની રેસમાંથી બહાર થવું પડ્યું છે. જ્યારે આ પહેલા વર્ષ ૨૦૨૨માં રોહિત શર્માની કપ્તાનીમાં ટીમ પ્રથમ વખત પ્લેઓફમાંથી બહાર થઈ હતી. જો કે આ રેકોર્ડ ૫ વખત ટ્રોફી જીત્યા બાદ રોહિતના નામે જોડાઈ ગયો હતો, પરંતુ પંડ્યાને પહેલી જ સિઝનમાં આ ખરાબ દિવસ જોવો પડ્યો છે.મુંબઈ ઈન્ડિયન્સે આ સિઝનમાં અત્યાર સુધી ૧૨ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ માત્ર ૪ મેચ જીતવામાં સફળ રહી છે. તે જ સમયે, મુંબઈ ઈન્ડિયન્સને ૮ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# સ્પેસ સાયન્સમાં ક્રાંતિ, પહેલીવાર પેરાફીન ઈંધણથી ઉડાડ્યું રોકેટ : જર્મન એજન્સીને મળી સફળતા

કૂનીબ્બા,

એક જર્મન કંપનીએ પ્રથમવાર મીણબત્તીમાં ઉપયોગમાં લેવાતા મીણની ઉર્જા વડે રોકેટ અંતરિક્ષમાં મોકલવામાં સફળતા મેળવી છે. આ સફળતા નાના કારોબારીઓ માટે ઓછા ખર્ચે અંતરિક્ષમાં ઉપગ્રહ મોકલવાની દિશામાં મહત્વનું છે. આ રોકેટ ૭ મે ના રોજ સવારે ૫ વાગે દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં કૂનીબ્બા ખાતેની લોંચ સાઈટ પરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેનું નામ એઆર ૭૫ રાખવામાં આવ્યું છે.પરીક્ષણમાં ઉપયોગમાં લેવાયેલું રોકેટ ૧૨ મીટર લંબાઈ ધરાવે છે. આ રોકેટની મદદથી ૨૫૦ કિલો વજન ૨૫૦ કિમી દૂર અવકાશમાં લઈ જઈ શકાય છે.

દરિયાની સપાટીથી ૧૦૦ કિમી ઉંચાઈ પર અંતરિક્ષની સીમા શરુ થાય છે. આ રોકેટ ઉર્જા માટે પેરાફીન એટલે કે મીણબત્તી અને તરલ ઓકિસજનનો પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઈંધણ રોકેટમાં વાપરવા માટે માઈનસ ૪૩૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઠંડુ રાખી શકાય છે. રોકેટ તૈયાર કરવાના જર્મન અંતરિક્ષ એજન્સી ડીએલઆરના સ્ટાર્ટઅપમાં ૬૫ લોકો કામ કરી રહયા છે.

અગાઉ અંતરિક્ષ એજન્સીને ઉપગ્રહો અંતરિક્ષમાં મોકલવાના અંદાજે ૧૦ કરોડ યુરોના ઓર્ડર મળી ચુકયા છે. ઉપગ્રહ મોકલવા માટે રોકેટમાં હાઈડ્રોજનના સ્થાને પેરાફીનનો ઉપયોગ કરવાનો એક માત્ર હેતું ઈંધણ ખર્ચ બચાવવાનો છે. પેરાફીન ઈંધણથી આવનારા સમયમાં ઈંધણ ખર્ચમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થશે. વર્તમાન સમયમાં ભારતની ઈસરો અને ઈલોન મસ્કની કંપની સ્પેસએકસ કિફાયતી કિંમતે સેવા આપી રહી છે. અમેરિકા,રશિયા,યુરોપ અને ચીન પર ઉપગ્રહ લોન્ચિંગ બજારમાં નામ ધરાવે છે. જર્મન વેબસાઈટ ડીડબ્લ્યુના જણાવ્યા અનુસાર મોટા ભાગના પ્રોજેકટ ખાનગી નાણાથી શરુ કરવામાં આવ્યા છે.

# ડિનોએ જ્હોન-બિપાશા સાથેના સંબંધો પર વાત કરી, મને ક્યારેય બંને પ્રત્યે કડવાશ નહોતી

મુંબઈ,

જ્યારે પણ એક્ટર ડીનો મોરિયાનો ઉલ્લેખ થાય છે ત્યારે તેની સાથે જહોન અબ્રાહમ અને બિપાશા બાસુનું નામ પણ સામે આવે છે. એવું માનવામાં આવતું હતું કે બિપાસાને લઈને જહોન અને ડિનો મોરિયા વચ્ચે દુશ્મનાવટ છે, પરંતુ તાજેતરમાં જ ડિનો આ વિષય પર ખુલીને વાત કરતો જોવા મળ્યો હતો. તેમણે વર્ષો જૂની ગેરસમજને સૌની સામે સ્પષ્ટ કરી. આવો તમને જણાવીએ કે ડિનો મોરિયાએ તેના અને જહોનના સંબંધો વિશે શું કહ્યું.

ડીનો મોરિયા અને જહોન અબ્રાહમ એકસાથે મોડેલિંગમાંથી ફિલ્મો તરફ વળ્યા. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે ડીનોને જહોન સાથેના તેના સંબંધો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'સૌથી પહેલા હું એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું કે મારી જહોન સાથે ક્યારેય કોઈ દુશ્મનાવટ નથી. અમે ત્યારે પણ મિત્રો હતા અને આજે પણ છીએ. તાજેતરમાં જ મેં તેને ફોન કર્યો હતો કે ચાલો સાથે ડ્રાઈવ કરવા જઈએ. ડીનો મોરિયા આગળ કહે છે, 'લોકો વિચારવા લાગ્યા કે મેં બિપાશા સાથે તેના કારણે બ્રેકઅપ કર્યું, પરંતુ તે સાચું ન હતું. જહોન આવે તે પહેલાં અમારો સંબંધ પૂરો થઈ ગયો હતો. 'રાજ' દરમિયાન અમારું બ્રેકઅપ થયું હતું. આ બધું માત્ર અફવા છે.



# શિખર પહાડિયા સાથે તિરુપતિ મંદિરમાં જાહન્વી કપૂર લગ્ન કરશે ?



મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ જાહન્વી કપૂર છેલ્લા ઘણાં સમયથી શિખર પહાડિયાની સાથે રિલેશનશિપને લઈને ચર્ચામાં રહેતી હોય છે. જણાવવામાં આવી રહ્યું છે કે બન્ને એકબીજાને ડેટ કરી રહ્યા છે. સામાન્ય રીતે બન્ને સાથે સ્પોટ થતા હોય છે. આ વચ્ચે સોશયલ મિડીયામાં એક એવી મજાક ઉડી છે કે જે બધાને વિચારમાં કરી દે છે. આમ, વાત કરવામાં આવે તો જાહન્વી કપૂર સોશિયલ મિડીયામાં પણ એક્ટિવ રહેતી હોય છે.

એક પૈપરાઝીએ ઈન્સ્ટાગ્રામ પેજ પર પોસ્ટ શેર કરતા લખ્યુ છે કે જાહન્વી કપૂર બોયફ્રેન્ડ શિખર પહાડિયા સાથે લગ્ન કરવાની છે. પોસ્ટમાં એ પણ લખ્યુ છે કે એક્ટ્રેસ તિરુપતિ મંદિરમાં લગ્ન કરશે. લગ્ન દરમિયાન જાહન્વી કપૂર ગોલ્ડન સાડી પહેરશે. જ્યારે આ પોસ્ટ પર જાહન્વી કપૂરનું ધ્યાન જતા કોમેન્ટમાં જવાબ આપ્યો છે કે કંઈ પણ..આ રીતે જાહન્વી કપૂરે કન્ફોર્મ કરી દીધુ છે કે શિખર પહાડિયા સાથે લગ્નની વાત ખોટી છે.

થોડા સમય પહેલાં કરણ જોહરના પોપ્યુલર ચેટ શો કોફી વિથ કરણના એક એપિસોડમાં જાહન્વી કપૂરે જણાવ્યું હતુ કે એની સ્પીડ ડાયટ લિસ્ટમાં ત્રણ લોકો છે

# હૈદરાબાદ સામે ટીમના પ્રદર્શનથી નારાજ એલએસજીના માલિક સંજીવ ગોએન્કાએ કેપ્ટનની ક્લાસ લગાવી

હૈદરાબાદ,

સનરાઈઝર્સ હૈદરાબાદે બુધવારે લખનૌ સુપરજાયન્ટ્સ સામે ઐતિહાસિક જીત નોંધાવી હતી. ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માના તોફાનમાં લખનૌનો કોઈ બોલર પોતાની વિશ્વસનીયતા બચાવી શક્યો નહોતો. બંને બેટ્સમેનોએ વિસ્ફોટક પ્રદર્શન કરીને ટીમને ૧૦ વિકેટે જીત અપાવી હતી. આ જીત સાથે હૈદરાબાદ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. મેચ બાદ લખનૌના માલિક સંજીવ ગોએન્કાએ કેપ્ટન કેએલ રાહુલને ફટકાર લગાવી હતી. તેણે ટીમના પ્રદર્શન પર નારાજગી વ્યક્ત કરી હતી, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સનરાઈઝર્સ હૈદરાબાદે લખનૌ સુપર જાયન્ટ્સને ૧૦ વિકેટે હરાવ્યું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને લખનૌએ ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૧૬૫ રન બનાવ્યા હતા. હૈદરાબાદની ટીમે ૧૬૬ રનનો ટાર્ગેટ ૧૦ ઓવરમાં એટલે કે ૯.૪ ઓવરમાં હાંસલ કર્યો હતો. હૈદરાબાદે ૬૨ બોલ બાકી રહેતા મેચ જીતી લીધી હતી. ટ્રેવિસ હેડે ૩૦ બોલમાં આઠ ચોગ્ગા અને આઠ છગ્ગાની મદદથી ૮૯ રન અને અભિષેક શર્માએ ૨૮ બોલમાં આઠ ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી ૭૫ રનની અણનમ ઈનિંગ રમી હતી. અભિષેકે મેચનો અંત સિક્સર સાથે કર્યો હતો.


લખનૌ સુપર જાયન્ટ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૧૬૬ રનનો ટાર્ગેટ આપ્યો છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને લખનૌએ ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૧૬૫ રન બનાવ્યા હતા.

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ડાયરેક્ટર સંગીત સિવાનનું નિધન : બોલિવૂડને ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે

મુંબઈ,

બોલિવૂડને ગણી સુપરહિટ ફિલ્મ આપી ચૂકેલા ડાયરેક્ટર સંગીત સિવાનનું નિધન થઈ ગયું છે. સંગીત સિવાનના નિધન પર બોલિવૂડના સ્ટાર્સે શોક પ્રગટ કર્યો છે. સંગીત સિવનની ઉંમર માત્ર ૬૫ વર્ષ જ હતી. હજુ સુધી તેમના મૃત્યુનું કારણ સામે આવ્યું નથી.

ડાયરેક્ટર સિવાનના નિધન પર બોલિવૂડ સહિત ફિલ્મી સિતારાઓ એમને શ્રદ્ધાંજલિ અર્પી છે. સંગીત સિવાને બોલિવૂડને ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે. 'ક્યાં કૂલ હે હમ' અને અપના સપના મની મની' જેવી કોમેડી ફિલ્મો પર સિવાને બનાવી હતી. હવે સિવાનના નિધનથી સમગ્ર ફિલ્મ જગત શોક છવાઈ ગયો છે. બોલિવૂડ એક્ટર રિતેશ દેશમુખે એમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.રિતેશ દેશમુખે પોતાના સોશિયલ મીડિયા પર તસવીર શેર કરી એક ભાવુક નોટ લખી છે. જેમાં રિતેશે લખ્યું છે, 'સંગીત સિવાન સર હવે નથી રહ્યા, આ ખબરે અંદર સુધી દુઃખી કરી દીધો છે.એક નવા એક્ટર હોવાથી દરેક ઈચ્છે છે કે એમના પર વિશ્વાસ કરવામાં આવે અને એમને કામ કરવાની તક આપવામાં આવે. મને ક્યાં કૂલ હે હમ અને અપના સપના મની મનીના દિવસો આજે પણ યાદ છે, ખુબ સારા વ્યક્તિ, નરમ લહજા અને શાનદાર વ્યક્તિત્વ. આ નિધનની ખબરે અંદર સુધી હલાવી નાખ્યો છે.



# ફોન પર વાત કરતા યુવતીએ એવી વસ્તુ ખાઈ લીધી કે ગુમાવવો પડ્યો જીવ!

અંગમાલી,

ઘણી વખત આપણે ફોન પર વાત કરીએ છીએ ત્યારે આપણે તેમાં એટલા મગ્ન થઈ જઈએ છીએ કે આપણે શું કરી રહ્યા છીએ તેના પર ધ્યાન પણ નથી આપતા. વાત કરતા કરતા કે ફોનમાં જોતા જોતા ઘણી વખત આપણે અહીં અને ત્યાં ચાલવાનું શરૂ કરીએ છીએ . ઘણી વાર તો શું કરતા હોઈએ છીએ એ જ ખબર નથી હોતી. પણ આ બેધ્યાનપણું ઘણું ભારે પડી શકે છે, આવી જ એક ઘટના કેરળમાં બની છે. એક છોકરી તેના ઘરના બગીચામાં ફરતી હતી અને તેના પરિવારના સભ્યો સાથે વાત કરી રહી હતી. તેણી તે એટલી મગ્ન હતી કે તેણીએ ક્યારે ફૂલ તોડીને ચાવવા માટે મોઢામાં મૂક્યું તેનું ભાન ન રહ્યું (. ફૂલના થોડા ટીપા જેવું પેટમાં પ્રવેશ્યા અને તેનું મૃત્યુ થઈ ગયું.

હા, તમને જાણીને નવાઈ લાગશે કે ફૂલના થોડા ટીપાં કોઈની જિંદગી કેવી રીતે ખર્ચી શકે છે! હકીકતમા આ કોઈ સામાન્ય ફૂલ નહોતું, તે ખૂબ જ ઝેરી ફૂલ હતું, જેનું નામ ઓલિએન્ડર ફૂલ છે. ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝ વેબસાઈટ અનુસાર, ૨૪ વર્ષની સુર્યા સુરેન્દ્રન કેરળના અલપ્પુઝા જિલ્લામાં રહેતી હતી. તેને બ્રિટનમાં નર્સ તરીકે નોકરી મળી હતી માટે ત્યાં જવા એ રવિવારે કોચી એરપોર્ટ પહોંચી હતી પરંતુ ત્યાં અચાનક તે બેભાન થઈ ગઈ હતી.

યુવતીને તાત્કાલિક અંગમાલી શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ સોમવારે તેનું મૃત્યુ થયું હતું. અલપ્પુઝા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં તેનું પોસ્ટમોર્ટમ ચાલી રહ્યું છે. હરિપદ સ્ટેશન હાઉસ ઓફિસર કે. અભિલાષકુમારના જણાવ્યા અનુસાર અરલીનું ફૂલ ચાવવાથી યુવતીનું મોત થયું હતું. મરતા પહેલા યુવતીએ તેના પરિવારજનો અને હોસ્પિટલના ડોક્ટરોને જણાવ્યું હતું કે રવિવારે સવારે જ્યારે તે ઘરે હતી ત્યારે તે તેના સંબંધીઓ અને મિત્રો સાથે ફોન પર વાત કરી રહી હતી અને તેમને તેની મુસાફરી વિશે જણાવી રહી હતી. તે જ્યારે બગીચામાં હતી ત્યારે તેને બેધ્યાન પણે ફૂલની પાંખડી ચાવીન લીધી અને તેને તરત જ ફૂલની પાંખડી થૂંકી દીધી હતી

# પાલીતાણામા વર્ષીતપના ૯૫૦થી વધુ તપસ્વીઓએ અખાત્રીજે કર્યા પારણાં






## અખાત્રીજના દિવસે ઋષભદેવ ભગવાનનું પારણું થયેલું ત્યારથી પરંપરા

ભાવનગર,તા.૧૧

શાશ્વત તિર્થ શેત્રુંજય ગિરીરાજની જય તળેટી ખાતે અખાત્રીજના પર્વે વર્ષીતપના તપસ્વીઆના સામૂહિક પારણા થયા હતા જેમાં ગીતાંજલિ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ બોરીવલી મુંબઈ દ્વારા સમૂહ પારણાનો લાભ લીધો હતો. કુલ ૧૦૧૮ તપસ્વીઓના પારણા નોંધાયા હતા. પારણા ભુવન ખાતે તપસ્વીઓના પારણાની વ્યવસ્થા શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા કરાઈ હતી. દેશભરમાંથી જૈનો તેમજ વિદેશ વસતા ગુજરાતી જૈનએ સમૂહ પારણા કર્યા હતા. વહેલી સવારે તપસ્વી હોય એ યાત્રા કરી ઈસુ રસથી દાદાનો પક્ષાલ કરેલ હતો. આદિનાથ દાદાની પક્ષાલની બોલી લાખો મણ માં બોલાઈ હતી.

પારણાં પ્રસંગે ૨૦,૦૦૦ થી વધુ લોકો આવ્યા હોવાનું અનુમાન છે. પૂ. આચાર્ય જયશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂ મુનિરાજ જયભદ્રવિજય મહારાજ સાહેબ, પૂ. મુનિરાજ કેવલપૂર્ણ વિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં તપસ્વીઓના પારણા યોજાયા હતા. ગરમીને કારણે લોકો અકળાય ઊઠ્યા હતા. પાલીતાણામાં પારણા પ્રસંગે ૧૫,૦૦૦ લીટર થી વધુ શેરડીના રસની ભક્તિ કરાય. ૩૦% થી વધુ ધર્મશાળાઓ ખાલી રહેવા પામી હતી. બે દિવસ દરમિયાન રીક્ષાઓ,બગી અને ઢોલકવાળા એ યાત્રિકોને રીતસરના ઊંચા ભાવ લઈ ઉઘાડી લુટ ચલાવી હતી.

# યુવતીની સગાઇ થવાની હોવાથી નારાજ શખ્સે ઘરના દરવાજા પર તલવાર ફટકારી

**યુવતીના મામાને પણ મર માર્યો, કુંભારવાડાના બનાવ અંગે ફરિયાદ**


ભાવનગર,તા.૧૧

શહેરના કુંભારવાડા વિસ્તારમાં એક શખ્સે યુવતીનું વેવિશાળ થવાનું હોવાની નારાજગી રાખી તેણીના ઘરે તલવાર સાથે જઈ જાહેરમાં બખેડો કરી અને ઘરના દરવાજે તલવાર ફટકારી ભય ઊભો કર્યો હતો.

આ બનાવમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદી યુવતીની બહેનની સગાઇ થવાની હતી જે બાબત પ્રવીણ ઉર્ફે દાઉદ રાઠોડને પસંદ ન હોય તા.૮ મેના રોજ રાત્રે આરોપી તલવાર લઇને ફરિયાદીના ઘરે આવ્યો હતો અને તેણે તારો ભાઇ ક્યાં છે ? બહાર કાઢ તેમ જણાવતા ફરિયાદી તેમજ પરિવારજનો ગભરાઇ જતા મકાનનો દરવાજો બંધ કરી દીધો હતો.

દરમિયાનમાં તલવાર સાથે ધસી આવેલા શખ્સે મકાનના દરવાજા પર તલવારના ઘા માર્યા હતા અને તેણે યુવતીની સગાઇ ન કરવાનું જણાવી ફરિયાદીના ભાઈને પતાવી દેવાનો છે તેમ જણાવી અન્ય તમામને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમિયાનમાં ફરિયાદીના મામા આવી જતાં તેણે આરોપીને અટકાવવાનો પ્રયાસ કરતા તેમને તલવારના કારણે મુંઢ માર વાગ્યો હતો. બોરતળાવ પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધો.૧૦ માં ૮૮.૬૯ પર્સન્ટાઇલ સાથે ઉતીર્ણ થઈ આયુષી સોલંકી



**આઈટી એન્જિનિયર ક્ષેત્રે કારકિર્દી ઘડવાની મહેચ્છા, પિતા કમિશનર કચેરીમાં બજાવે છે ફરજ**

ભાવનગર,તા.૧૧

ભાવનગર મહાપાલિકામાં ફરજ બજાવતા અને કમિશનરના તરીકે ફરજરત રાજેશભાઈ સોલંકીની દીકરીએ ધોરણ ૧૦ બોર્ડમાં ૮૮.૬૯ પર્સન્ટાઈલ સાથે A2 ગ્રેડ મેળવી ઝળહળતું પરિણામ મેળવ્યું છે.

આયુષી શહેરની ફાતિમા કોન્વેન્ટ મેરુબાગમાં ઇંગ્લિશ મીડિયમમાં અભ્યાસ કરે છે, નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી આયુષી હવે આગળ એન્જિનિયર ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડવાની ઈચ્છા ધરાવે છે. સોલંકી પરિવારમાં સૌથી ઉચ્ચ ગુણાંક સાથે પાસ થવાનો રેકોર્ડ તેમણે બનાવ્યો છે.!

# વડોદના ખેડૂતની દિકરી ધો.૧૨માં સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમે ઉતીર્ણ



**સામાન્ય પરિવારમાંથી આવતી વિધાર્થિનીએ મોટા બાપુને ત્યાં રહી અભ્યાસ કર્યો અને સફળતા મેળવી : અભ્યાસ પ્રત્યેની લગની અને સખત મહેનતથી શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું**

ભાવનગર,તા.૧૧

ધો.૧૨ સામાન્ય પ્રવાહના જાહેર થયેલા પરિણામમાં ઝળહળતું રીઝલ્ટ મેળવી ભાવનગરનાં ઉમરાળા તાલુકાના વડોદ ગામની ખેડૂત પરિવારની દીકરીએ સમગ્ર ગુજરાતમાં બીજો નંબર મેળવ્યો હતો. વિધાર્થિનીએ પ્રાથમિક શિક્ષણ મામાના ઘરે અને ઉચ્ચતર શિક્ષણ મોટાબાપુના ઘરે રહી મેળવ્યું હતું. આમ, માતા પિતાથી દૂર રહીને અભ્યાસ માટે સંઘર્ષ કરી સફળતા મેળવી હતી.ઉમરાળાના વડોદ ગામની દિકરી અંજલીબા શક્તિસિંહ ગોહિલે પ્રાથમિક શિક્ષણ મામાના ગામ રોજીયા (તા. ધ્રોલ) ખાતે રહી મેળવ્યું જ્યારે ઉચ્ચ શિક્ષણ માટે ભાવનગર મોટાબાપુના ઘરે રહી સ્વામિનારાયણ ગુરુકુળ નિર્ભય સોસાયટીમાં અભ્યાસ પૂરો કર્યો હતો. તાજેતરમાં પરિણામ જાહેર થતાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર ગુજરાતમાં બીજા નંબરે ઉતીર્ણ થયેલ. તેમના માતા ગૃહિણી છે. અને માતા પિતા બંને એ માત્ર પ્રાથમિક શિક્ષણ લીધેલું છે પરંતુ અભ્યાસ પ્રત્યેની લગની અને સખત મહેનતથી અંજલીબા એ સમગ્ર ગુજરાતમાં બીજો ક્રમ મેળવી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# ધોરણ ૧૨ સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહના ઉજ્જવળ પરિણામ સાથે ખુલે છે અનેક દિશા

**ભાવનગર ખાતે બે પુસ્તકનું વિમોચન,કોઈપણ વિદ્યાર્થી ઘેર બેઠા પોતાની કારકિર્દી અંગેના પ્રશ્નોના જવાબ માત્ર whatsapp દ્વારા મેળવી શકશે**

ભાવનગર,તા.૧૧

સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૪૫ વર્ષથી લાખો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા તજજ્ઞો દ્વારા બે પુસ્તકોનું ખાસ વિમોચન કરવામાં આવ્યું છે.

કારકિર્દી દર્શનમાં ધોરણ ૧૦ પછી અનેક વિકલ્પો મળી રહે છે જેમાં એન્જિનિયરિંગ કૃષિ કલા શિક્ષણ ઉદ્યોગ તથા ઘેર બેઠા આગળ કેમ ભણી શકાય તેનું સંપૂર્ણ માર્ગદર્શન વિદ્યાર્થી તથા મા બાપને ઉપયોગી થાય તેવું છે આજના મોંઘવારીના સમયમાં મોટી અસાધારણ ફી ભર્યા વગર આગળ ભણી શકાય તેનું ખાસ અવલોકન રજૂ કરવામાં આવ્યું છે. ધોરણ ૧૦ પછી ડિપ્લોમા પ્રમાણપત્ર તથા ૧૧ ૧૨ કોર્સમાં જવું કે ન જવું તે વિશે પણ ખાસ પ્રકાશ પાડવામાં આવે છે.

જ્યારે કારકિર્દી પસંદગી એ સામાન્ય પ્રવાહના પુસ્તકમાં ધોરણ ૧૨ પછી આગળ ભણવા માટે ઓછામાં ઓછા ખર્ચથી ઉત્તમ કોષ કેમ કરી શકાય તેની ખાસ માહિતી આપવામાં આવી છે. જેમાં ત્રણ વર્ષના ડીગ્રી કોર્સ અને પાંચ વર્ષના ઇન્ટિગ્રેટેડ અભ્યાસક્રમનો પરિચય દરેક વિદ્યાર્થીને ખાસ ઉપયોગી થશે.આજના સમયમાં રોજગાર તથા વ્યવસાયની તકો સામાન્ય પ્રવાહમાં જેટલી જોવા મળે છે તેટલી કોઈ પ્રવાહમાં મળતી નથી અને તેમાં પણ મનોરંજન રમતગમત તથા રાજકારણ ક્ષેત્રે અનેક પ્રકારની કારકિર્દી વિદ્યાર્થીઓ ઘડી શકે છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પછી કારકિર્દી ભોમિયો પુસ્તકમાં એ ગ્રુપ તથા બી ગ્રુપ પછી અનેક કારકિર્દી કરી શકાય છે.

જેમના ઓછા ટકા આવ્યા છે તે વિદ્યાર્થીઓ પણ આ ક્ષેત્રમાં પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી શકે છે જેનું સંપૂર્ણ અવલોકન સંસ્થાઓના નામ તથા તે કોષ અંગેની વિશિષ્ટ માહિતી પીરસવામાં આવી છે.

ભાવનગરમાં આ પુસ્તકો રૂબરૂમાં પરમાર્થ ફાર્મસી, પોસ્ટ ઓફિસ પરથી મળી શકશે અને બહારગામના મિત્રોએ ૯૧૦ ૬૭૭ ૩૩ ૦૭ ઉપર માત્ર whatsapp કરવાથી જાણકારી મેળવી શકાશે.

આ whatsapp નંબર ઉપર વિદ્યાર્થી તથા વાલીઓ પોતાના કોઈપણ પ્રકારના કારકિર્દીના પ્રશ્નોના જવાબ ઘેર બેઠા વિના મૂલ્ય મેળવી શકશે તેની પરમાર્થ ફાઉન્ડેશન સંસ્થાના કારકિર્દીના તજજ્ઞો દ્વારા સેવા જાહેર કરવામાં આવી છે.

# દુષ્કર્મ કેસમાં આરોપીની જામીન માટેની અરજી ફગાવી અદાલત

**સાહેદોની સુરક્ષાને ધ્યાને લેતા ટ્રાયલ વિક્ષેપિત ન થાય તે માટે જામીન આપી શકાય નહિ**

ભાવનગર,તા.૧૧

ભાવનગરના શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા શખ્સે યુવતી સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના બનાવામાં સંડોવાયેલા આરોપીએ જામીન અરજી મુકતા ન્યાયાધીશે અરજદાર આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. ન્યાયાધીશે ચૂકાદામાં નોંધ્યું હતું કે, ટ્રાયલ હાલ નાજુક તબક્કામાં છે અને અરજદારની ગુનામાં મુખ્ય ભુમિકા છે. સાહેદોની સુરક્ષાને ધ્યાને લેતા ટ્રાયલ વિક્ષેપિત ન થાય તે સંજોગોને ધ્યાને લેતા અરજદારની અરજી નામંજૂર કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં ભોગ બનનારી કિશોરીએ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં આરોપી રિયાઝ રફીકભાઈ ડેરૈયા (રહે.નવાપુરા) સહિતના આરોપીઓ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવતાં પોલીસે બનાવમાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસ ધરપકડ બાદ જેલમાં રહેલા આરોપી રિયાઝે જામીન અરજી મુકી રજૂઆત કરી હતી કે, બનાવ દુષ્કર્મનો નથી. ફરિયાદી સાથે અરજદારને પ્રેમ સબંધ હતો અને રાજીખુશીથી સબંધ બાંધવામાં આવ્યો છે.

જામીન અરજીની સુનાવણીમાં સરકાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદાર આરોપી વારંવાર દુષ્કર્મ આચર્યું છે અને જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. હાલ કેસ પેન્ડિંગ છે અને કેસમાં પુરાવો ચાલુ છે. કેસમાં ભોગ બનનારની જુબાની બાકી છે તેમજ અન્ય સાહેદોને તપાસવાના પણ બાકી છે. જો જામીન આપવામાં આવશે તો સાહેદને ડરાવશે અને ધમકાવશે અને પુરાવા સાથે ચેડા કરશે.ફરિયાદમાં ફરિયાદીએ તેને બુરખો પહેરવા માટે મજબુર કરવામાં આવતી હોવાનું અને ઘરમાંથી બહાર નિકળવા દેવામાં આવતી ન હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ સાંભળ્યા બાદ આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો હોય અને જો જામીન આપવામાં આવે તો ટ્રાયલ વિક્ષેપિત થશે તેવી આશંકાને ધ્યાને લઇ અરજદારની અરજી નામંજૂર કરી હતી.

# ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બી.એમ.કોમર્સ હાઈસ્કૂલનું ૯૯% પરિણામ

**૯૯.૯૯ પર્સન્ટાઈલ સાથે શાળાની વિદ્યાથીની દેસાઈ તનિષ્કા બોર્ડમાં પ્રથમ ક્રમાંકે**



ભાવનગર,તા.૧૧

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બી.એમ.કોમર્સ હાઈસ્કૂલ, ભાવનગર નું પરિણામ ૯૯% આવ્યું છે. શાળાની વિદ્યાર્થીની દેસાઇ તનિષ્કા પંકજભાઇ એ ૯૯.૯૯ પર્સન્ટાઇલ મેળવીને બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આ વિદ્યાર્થીએ ૪ વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ અને એક વિષયમાં ૯૯ ગુણ પ્રાપ્ત કર્યો છે.

શાળાના ૨૭ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ, ૪૧ વિદ્યાર્થીઓ, ૩૩ વિદ્યાર્થીઓએ B1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. શાળાના ટ્રસ્ટી જાનકીબેન મોદી, જયભાઇ મોદી, તથા આચાર્ય અરવિંદભાઇ સોલંકીએ અભિનંદન તથા શુભકામના પાઠવેલ છે.

# કળિયુગી દીકરો પાઈપ લઈને પિતાને મારવા દોડ્યો

**મહુવાની ઘટનામાં પિતા દોડીને બજારમાં જતા રહેતા જીવ બચ્યો**

ભાવનગર,તા.૧૧

મહુવાના ' પૌત્રને માર મારી રહેલા દિકરાને 'બેટા બાળકને આમ ન મરાય ' તેવી સલાહ આપતા ઉશ્કેરાઇ ગયેલો દિકરો લોખંડની પાઇપ લઇ પિતાને મારવા દોડ્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મહુવા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે સંજય કાળુભાઇ પરમાર (રહે.મહાકાળીનગર, મહુવા)એ પોતાના પુત્ર સુરેશ ઉર્ફે ગોપાલ સામે કરેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી સંયુક્ત કુટુંબમાં રહે છે અને તેમનો દિકરો સુરેશ તેના પુત્રને માર મારતો હોય ફરિયાદીએ પુત્રને બાળકને આ રીતે ન મરાય તેમ જણાવી ઠપકો આપ્યો હતો.

પિતાની વાત સાંભળી આરોપી સુરેશ ઉશ્કેરાઇ ગયો હતો અને તેણે જાનથી મારી નાંખવાની ધમકી આપી લોખંડની પાઇપ લઇને પિતાને મારવા માટે દોડ્યો હતો એટલે સંજયભાઇ પરમાર જીવ બચાવીને ભાગ્યા હતા અને બજારમાં જતા રહ્યાં હતા એટલે આરોપીએ ઘરે આવ આજે તને મારી નાંખવાનો છે તેવી ધમકી આપી હતી.

દરમિયાનમાં સોસાયટીના લોકોએ દરમિયાનગીરી કરતા આરોપી જતો રહ્યો હતો. પોલીસે આ બનાવ અંગે સુરેશ ઉર્ફે ગોપાલ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલીતાણામાં વિડિઓ ઉતારવાની ના કહેતા ચોકીદાર ઉપર હુમલો

ભાવનગર તા.૧૧

પાલીતાણાના બાબુ દેરાસરમાં ચોકીદાર તરીકે નોકરી કરતા આધેડે વિડીયો ઉતારવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સે માર મારતા ચોકીદારે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ પાલીતાણામાં આવેલ બાબુ દેરાસરમાં ચોકીદાર તરીકે નોકરી કરતા મનાભાઈ ભોપાભાઈ રાઠોડ ( ઉં.વ. ૫૩ ) એ પાલીતાણા ટાઉન પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેઓ તેમની રૂમમાં હાજર હતા તે દરમિયાન વિરેશભાઈ ફુલચંદભાઈ શેઠ ત્યાં આવ્યા હતા અને વિડીયો ઉતારતા હોય તેમને વિડીયો ઉતારવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા વિરેશભાઈએ ઢીકાપાટુનો માર મારી જમણો હાથ ખેંચી મૂંઢ ઈજા કરતા તેમને સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવવા અંગે પાલીતાણા ટાઉન પોલીસે વિરેશભાઈ શેઠ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ નુ ૭૬.૪૬% પરિણામ

ભાવનગર,તા.૧૧

બી.એમ.કોમર્સ હાઈસ્કૂલ,ભાવનગર નું ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહનું ૭૯.૪૬% પરિણામ આવ્યું હતું. શાળામાં પ્રથમ : ગોહિલ હર્ષદિપ, બારૈયા શુભમ દ્વિતીય: ગોહિલ યશપાલ, પંચવાણી દેવલ તૃતીય : ગોહિલ જયવિર આવેલ

# અંધ ઉદ્યોગ શાળાનું ધો.૧૦નું ૧૦૦% પરિણામ



**પ્રથમ ક્રમે ૭૭.૮૦% ટકા સાથે રવિ બી. ભરવાડ, ૬ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ સાથે ઉતીર્ણ**

ભાવનગર,તા .૧૧

આજરોજ ધો-૧૦નાં બોર્ડ દ્વારા જાહેર કરાયેલ પરિણામ મુજબ સમગ્ર ગુજરાતમાં માત્ર ૧૩૮૯ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. દર વર્ષની જેમ ભાવનગર જિલ્લાની ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં આ વર્ષે પણ ભાવનગરની કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનો સમાવેશ થાય છે.

રાજ્યની દિવ્યાંગ શાળાઓ પૈકીની આ શાળામાંથી કુલ ૧૭ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી પ્રથમ ક્રમે ૭૭.૮૦% ટકા સાથે રવિ બી. ભરવાડ આવેલ છે. જ્યારે કુલ ૬ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ સાથે ઉતીર્ણ થયા છે. આ વર્ષે રાજ્યમાં પ્રજ્ઞાચક્ષુ વિભાગમાં પરીક્ષા આપનાર ૫૩૧ માંથી ૩૫૨ વિદ્યાર્થીઓ વિકલાંગતાના લાભ વગર સામાન્ય કેટેગરીમાં ઉતીર્ણ થયા છે. જેમાં આ શાળાના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# રસ્તો નવો બન્યો તો વાહન ચાલકો બેફામ બન્યા!

**ભીલવાડા સર્કલથી વાલ્કેટ ગેટ રોડ ઉપર ભારે વાહનો ઉપર પ્રતિબંધ મુકવા અથવા નિયંત્રણમાં લાવવા લોક માંગ**

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરના ભીલવાડા સર્કલથી વાલ્કેટ ગેટ વિસ્તારમાં આવેલો મેઈન રોડનું કામ તાજેતરમાં કરવામાં આવ્યુ છે આ રોડ પેવર બનાવવામાં આવ્યો છે તે ઘણી આવકારદાયક બાબત છે કારણ કે આ રોડ સાવ બિસ્માર હાલતમાં હતો.

આ રોડ નવો બનતા ભારે વાહનો સહિતના વાહન ચાલકો પુરઝડપે પોતાના વાહન ચલાવે છે અને અવાર નવાર અકસ્માતો થાય છે જેમાં ખાસ કરીને છેલ્લા આઠ દિવસમાં આ રોડ ઉપર વાહન અકસ્માતમાં બે વ્યકિતના કરૂણ અને કમકમાટીભર્યો મોત નિપજ્યા છે જે ઘણી ગંભીર બાબત છે.

સ્થાનિક આગેવાનોએ ભાવનગર જીલ્લા કલેકટર, ભાવ.મ્યુનિ.કમિશન, ડી.એસ.પી.સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓને એક વિસ્તૃત આવેદનપત્ર આપી રજુઆત કરી છે કે ભીલવાડા સર્કલ થી વાલ્કેટ ગેઈટ સુધિના રોડ ઉપર ચાલતા ભારે વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે જરૂર પડે તો લોખંડની એંગલકો મુકી ભારે વાહનો ચાલતા બંધ કરવામાં આવે અથવા તેના વિકલ્પરૂપે ક્રેસંટ સર્કલથી પ્રભુદાસ તળાવ થઇ ટેકરીના ચોક થઇ વૈશાલી સિનેમા તરફ ભારે વાહનો ટ્રક, ડમ્પર, લકઝરી બસો ને ડાયવર્ઝન કરવામાં આવે અથવા ગત નિયંત્રણ માટે ખાલા ભરવા માંગ ઉઠી છે.

## જન્મદિન શુભેચ્છા

### પોલીસ ઈન્સપેક્ટર સત્યેનસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



રાજકોટ તાલુકા જિલ્લાના સુકી સાજડિયાળી ગામના વતની અને હાલ આઇ.બી.મોરબી જિલ્લા ખાતે પોલીસ ઈન્સ. તરીકે ફરજ બજાવતા સત્યેનસિંહ પરબતસિંહ જાડેજા (એસ.પી.જાડેજા) નો આજે જન્મદિવસ છે.પોલીસ ઈન્સ. સત્યેનસિંહ જાડેજા, સને ૨૦૧૦ માં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે સીધી ભરતી થઈને મહેસાણા, ડીજીપી કચેરી, ગાંધીનગર એલસીબી સહિતની મહત્વની જગ્યાએ ફરજ બજાવી, હાલ ઈન્ટેલિજન્સ બ્યુરો મોરબી ખાતે પોલીસ ઈન્સ. તરીકે ફરજ બજાવે છે. તેઓના પિતા પરબતસિહ જાડેજા, એ.જી.ઓફિસ રાજકોટ ખાતે સિનિયર ઓડિટ ઓફિસર તરીકે નિવૃત થયા છે. તેઓ જે.બી.જાડેજા, રીટા.પોલીસ ઈન્સ. ના ભત્રીજા, જે.કે.ઝાલા, રીટા. ડીવાયએસપી ના ભાણેજ અને પ્રદીપસિંહ જાડેજા, એસીપી, અમદાવાદ શહેરના ભાઈ થાય છે.

# જીવતા તો શું મૃત્યુ પછી પણ જમીનમાં દાટી નહીં શકે : મોદીએ કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ પર જોરદાર નિશાન સાધ્યું

મુંબઇ,તા.૧૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર ખૂબ જ મહત્વપૂર્ણ રાજ્ય છે. લોકસભાની કુલ ૪૮ બેઠકો છે જે દિલ્હીમાં સત્તામાં આવવા માટે કોઈપણ પક્ષ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી તમામ પક્ષોએ રાજ્યમાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે.આ ક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રના નંદુરબાર પહોંચ્યા હતાં અને અહીંની રેલીમાં પીએમ મોદીએ કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ પર જોરદાર નિશાન સાધ્યું હતું



પીએમ મોદીએ મરાઠી ભાષામાં લોકોનો આભાર માનીને ભાષણની શરૂઆત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે આજે અક્ષય તૃતીયાનો તહેવાર છે, તેથી આજે હું દેશના લોકોને અને ખાસ કરીને ખેડૂતોને અભિનંદન

**આદિવાસીઓની સેવા એ પરિવારની સેવા સમાન છે, કોંગ્રેસની જેમ તે રાજવી પરિવારમાંથી નથી પરંતુ ગરીબીમાંથી આવે છે**

આપું છું. પીએમ મોદીએ પણ પરશુરામ જયંતિની શુભેચ્છા પાઠવી હતી. પીએમ મોદીએ કહ્યું કે આજે ઘણા લોકો આશીર્વાદ આપવા આવ્યા છે. પીએમએ કહ્યું કે અક્ષય તૃતીયાના આશીર્વાદ પણ શાશ્વત છે. આનો સ્પષ્ટ અર્થ છે કે દેશમાં ફરી એકવાર સરકાર બનશે. પીએમ મોદીએ કહ્યું કે ગુજરાતથી અહીંનું અંતર વધારે નથી. પીએમએ કહ્યું કે તેઓ અવારનવાર નંદુરબાર જતા હતા. વડાપ્રધાને અહીં ચૌધરીની ચા પર પણ ચર્ચા કરી છે. પીએમએ કહ્યું કે આદિવાસીઓની સેવા એ પરિવારની સેવા સમાન છે. કોંગ્રેસની જેમ તે રાજવી પરિવારમાંથી નથી પરંતુ ગરીબીમાંથી આવે છે.

પીએમ મોદીએ કહ્યું કે અહીંના જંગલોમાં રહેતા લોકોને પાણી અને વીજળીની ઘણી સમસ્યા હતી. પરંતુ અમારી સરકારે આ સમસ્યાનો ઉકેલ લાવી દીધો છે.

**એર ઈન્ડિયા એક્સપ્રેસની બેઠકમાં લેવાયો મોટો નિર્ણય**

# બરતરફ કરાયેલા કેબિન ક્રૂ સભ્યોને પાછા લેવા એરલાઈને સહમતી દર્શાવી

(જી.એન.એસ) નવી દિલ્હી

બે દિવસ અગાઉ એર ઈન્ડિયા એક્સપ્રેસ ના કેબિન ક્રૂ સભ્યોનું એક જુથ બીમાર હોવાનું કહ્યું રજા પર ઉતર્યું હતું. તેના કારણે એર ઈન્ડિયા એક્સપ્રેસની ૭૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ત્યાર બાદ હવે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૫ વધુ સભ્યોને બળતરફ કરી દેવામાં આવ્યા હતા. પરંતુ હાલમાં આ તમામ મામલાનું સમાધાન આવી ગયું છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં એરલાઈ દ્વારા તમામ બરતરફ કરાયેલા કેબિન ક્રૂ સભ્યોને ફરીથી પાછા લેવા માટે સંમત્તી દર્શાવી છે. તમામ કેબિન ક્રૂ સભ્યોને તાત્કાલિક પાછા લેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે કર્મચારીઓ પણ કામ પર પાછા ફરવા સંમત થયા છે. મુખ્ય શ્રમ આયુક્ત દ્વારા બપોરે ૨ વાગ્યે બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ મેનેજમેન્ટ અને વિરોધ કરી રહેલા ક્રૂઓ વચ્ચે બેઠક થઈ હતી.

એર ઈન્ડિયા એક્સપ્રેસે 'સિક લીવ' પર ગયેલા કર્મચારીઓને ટર્મિનેશન લેટર આપવામાં આવ્યા હતા. એર ઈન્ડિયાએ આવા કર્મચારીઓને ઓપરેશનમાં ખલેલ પહોંચાડવા અને નિમણૂકના નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત માનીને બરતરફીની નોટિસ આપી હતી.

# બે પત્ની વાળાને ૨ લાખ મળશે! કોંગ્રસ નેતાનો વિચિત્ર દાવો

રતલામ

મધ્યપ્રદેશમાં હાલ લોકસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. લોકસભા ચૂંટણી માટે ચોથા તબક્કામાં ૧૩ મેના રોજ રતલામમાં મતદાન થશે. ત્યારે આ પૂર્વે કોંગ્રેસના એક જાણીતા નેતાના નિવેદનથી રાજયમાં રાજકારણ ગરમાયું છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને મધ્યપ્રદેશના રતલામથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર કાંતિલાલ ભૂરિયાએ એક રેલીમાં પાર્ટી દ્વારા પ્રસ્તાવિત 'મહાલક્ષ્મી યોજના' અંગે વિચિત્ર દાવો કર્યો હતો, જેના કારણે ભારે વિવાદ સર્જાયો છે. કાંતિલાલ ભુરિયાએ કહ્યું કે, કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે તેના 'ન્યાય પત્ર' (ઘોષણાપત્ર) માં મહાલક્ષ્મી યોજનાનો ઉલ્લેખ કર્યો છે, જે અંતર્ગત જો અમારી સરકાર બનશે તો અમે ગરીબ પરિવારની મહિલાઓને વાર્ષિક રૂ. ૧ લાખ આપીશું અને જેમની બે પત્નીઓ છે તેમને રૂ. ૨ લાખ મળશે.

સત્તાધારી ભારતીય જનતા પાર્ટીએ કાંતિલાલ ભૂરિયાના આ નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપી છે અને કોંગ્રેસને આડે હાથ લીધી છે. ભાજપે કાંતિલાલ ભૂરિયા સામે પગલાં લેવાની માંગ ચૂંટણી પંચ પાસે કરી હતી.

# બિહારમાંથી ૯૨ સગીરોને મદરેસામાં લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે રેલવે પોલીસે મુક્ત કરાવ્યા

પ્રયાગરાજ,તા.૧૦

ઉત્તર પ્રદેશમાં રેલ્વે પ્રોટેક્શન ફોર્સ ના ઓપરેશન 'આહત' હેઠળ, પ્રયાગરાજ જંક્શન પર ટ્રેન નંબર ૧૨૪૮૭ માંથી ૯૩ સગીર બાળકોને ઉતારવામાં આવ્યા હતા અને આ બાળકોને લઈ જઈ રહેલા નવ લોકોની અટકાયત કરવામાં આવી હતી. રેલવે પોલીસના એક અધિકારીએ આ જાણકારી આપી. પ્રયાગરાજ જંકશન પર તૈનાત રેલ્વે પોલીસ ફોર્સ ઈન્સ્પેક્ટર શિવ કુમારે જણાવ્યું કે ટ્રેનમાંથી ઉતાર્યા બાદ આ બાળકોને બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું નિરીક્ષણ અને કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આ બાળકોને લઈ જનારા લોકો પાસે આ બાળકોને લેવા માટેનું કોઈ માન્ય પ્રમાણપત્ર નહોતું અને ન તો તેમના માતા-પિતા કે પરિવારના કોઈ સભ્ય તેમની સાથે હતા.

અધિકારીએ જણાવ્યું કે આ બાળકો બિહારના અરરિયાના રહેવાસી છે અને આમાંથી કેટલાક બાળકોને દિલ્હી, કેટલાકને રાજસ્થાનના નાગૌર જિલ્લામાં અને કેટલાકને દેહરાદૂન લઈ જવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે આ તમામ બાળકો મુસ્લિમ સમુદાયના છે અને તેમની ઉંમર નવ વર્ષથી લઈને ૧૨-૧૩ વર્ષની વચ્ચે છે. બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ અખિલેશ મિશ્રાએ કહ્યું કે આ બાળકોને ખોટી રીતે લેવામાં આવી રહ્યા છે. જોકે, કાઉન્સેલિંગ રિપોર્ટ આવવાનો બાકી છે. તેમણે કહ્યું કે પ્રાથમિક તપાસ દરમિયાન આ બાળકોને વિવિધ મદરેસામાં લઈ જવામાં આવતા હોવાનું બહાર આવ્યું છે. મિશ્રાએ કહ્યું કે આ બાળકોને લઈ જનારા લોકો સામે એફઆઈઆર દાખલ કરવાની ભલામણ કરવામાં આવી છે.

ગત વર્ષે જૂન મહિનામાં અરરિયાના ૫૯ બાળકોને મુક્ત કરવામાં આવ્યા હતા. આ બાળકોને મહારાષ્ટ્રના મનમાડ રેલવે સ્ટેશન પર મુક્ત કરવામાં આવ્યા હતા અને આ કેસમાં ચાર મૌલાનાઓની ધરપકડ કરવામાં આવી હતી.

# બીજેપી નેતા નેતારુની હત્યા કેસમા NIAએ મુખ્ય આરોપીની ધરપકડ

બેંગલુરુ,તા.૧૦

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ બેંગલુરુમાં ભાજપ યુવા મોરચાના કાર્યકર પ્રવીણ નેતારુની હત્યા કેસના મુખ્ય આરોપી મુસ્તફા પાઈચરની ધરપકડ કરી છે. એનઆઈએના સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપી મુસ્તફા પાઈચરને એનઆઈએ અધિકારીઓએ કર્ણાટકમાં તેના ઠેકાણા પરથી ધરપકડ કરી હતી. જણાવી દઈએ કે ૨૬ જુલાઈ ૨૦૨૨ના રોજ કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લાના બેલારે ગામમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના કાર્યકર્તાઓએ પ્રવીણ નેતારુની હત્યા કરી નાખી હતી. બાદમાં તે જ વર્ષે સપ્ટેમ્બરમાં પીએફઆઇ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પીએફઆઇ 'કિલર સ્ક્વોડ' અથવા 'સર્વિસ ટીમ્સ' દ્વારા કથિત રીતે સુલિયા તાલુકામાં તેની હત્યા કરવામાં આવી હતી. આ કેસ શરૂઆતમાં બેલ્લારે પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો અને બાદમાં એનઆઈએને સોંપવામાં આવ્યો હતો. એનઆઈએએ ઓગસ્ટ ૨૦૨૨માં કેસનો કબજો લીધો હતો.

એનઆઈએએ જાન્યુઆરી ૨૦૨૩માં આ કેસમાં ૨૦ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. એનઆઈએની ચાર્જશીટ મુજબ, સમુદાયના સભ્યોમાં ડર પેદા કરવા અને સમાજમાં સાંપ્રદાયિક તિરસ્કાર અને અશાંતિ ફેલાવવા માટે પીએફઆઈના એજન્ડાના ભાગરૂપે નેતારુની તીક્ષ્ણ હથિયારોથી હત્યા કરવામાં આવી હતી.

# જેઓ કાળી ચામડીવાળા છે તેઓ ભગવાન કૃષ્ણનું સ્વરૂપ છે : મોદી



નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના નંદુરબાર પહોંચ્યા હતા. અહીં તેમણે ફરી એકવાર કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર પ્રહારો કર્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસે ક્યારેય આપણા દેશના દલિત અને આદિવાસી ભાઈ-બહેનોની પરવા કરી નથી. પીએમ મોદીએ કહ્યું કે મોદી વંચિતોના અધિકારના ચોકીદાર છે... દલિતોનો અધિકાર કોઈ છીનવી નહીં શકે, અનામતને કોઈ ભૂંસી નહીં શકે, આ મોદીની ગેરંટી છે.

અહીં વડાપ્રધાન મોદીએ સામ પિત્રોડાના તાજેતરના નિવેદનને લઈને ફરી એકવાર રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે જેઓ કાળી ચામડીવાળા છે તેઓ ભગવાન કૃષ્ણનું સ્વરૂપ છે, પરંતુ કોંગ્રેસીઓના મતે કાળા લોકો આફ્રિકન છે. તેમણે કહ્યું કે રાજકુમારના ગુરુ અમેરિકામાં રહે છે, તેમણે આવો વિચાર રજૂ કર્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસ ક્યારેક અનામતને લઈને જુઠ્ઠાણું ફેલાવે છે તો ક્યારેક બંધારણ વિશે જુઠ્ઠાણું ફેલાવે છે. તેમણે કહ્યું કે અનામતને લઈને કોંગ્રેસની હાલત ખૂબ જ ઘોંઘાટીયા છે. ધર્મના આધારે અનામત એ બાબા સાહેબની ભાવનાની વિરુદ્ધ છે...

# જાતીય સતામણી મામલે કોઈ મહિલાએ પ્રજવલ સામે ફરિયાદ કરી નથી : મહિલા આયોગ

નવીદિલ્હી

રાષ્ટ્રીય મહિલા આયોગે દાવાને રદિયો આપ્યો છે કે ૭૦૦ મહિલાઓ જેડીએસ સાંસદ પ્રજ્વલ રેવન્ના સામે જાતીય સતામણીના કેસમાં ફરિયાદ નોંધાવવા આવી હતી. મહિલા આયોગે કહ્યું છે કે પ્રજ્વલ રેવન્ના સામે કોઈ મહિલા યૌન શોષણની ફરિયાદ લઈને અમારી પાસે આવી નથી. બીજી બાજુ મહિલાના શરીરનો સંપર્ક કરનાર મહિલા ફરિયાદીએ આરોપ લગાવ્યો કે તેને જેડીએસ નેતા વિરુદ્ધ નકલી ફરિયાદ નોંધાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

મહિલા આયોગે ખુલાસો કર્યો છે કે આ બાબતની સંજ્ઞાન લીધા બાદ એનસીડબ્લ્યુના પત્રના જવાબમાં કર્ણાટકમાં સત્તાવાળાઓ દ્વારા મોકલવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ દર્શાવે છે કે રાજ્યમાં જાતીય સતામણીની ફરિયાદોના આધારે બે કેસ નોંધાયા છે. જાતીય શોષણ ઉપરાંત અપહરણની વધારાની ફરિયાદ પણ એક સંબંધી દ્વારા નોંધાવવામાં આવી છે.મહિલા આયોગ પ્રજવલ રેવન્ના વિરુદ્ધ કોઈ ફરિયાદ ના થઈ હોવાનું ખુલાસો કરી રહી છે. ત્યારે મહિલા અદિકારના કેટલાક જૂથો આ દાવાને ખોટો ગણાવી રહ્યા છે.

# કેબિન ક્રૂ સાથેના કરાર બાદ કામગીરી સામાન્ય થઈ રહી છે, બે દિવસમાં પરિસ્થિતિ સુધરવાની અપેક્ષો

નવીદિલ્હી

એર ઈન્ડિયા એક્સપ્રેસની કામગીરીમાં ધીમે ધીમે સુધારો થવા લાગ્યો કારણ કે ક્રૂ મેમ્બરોએ કામ પર પાછા ફરવાનું શરૂ કર્યું. મંગળવાર રાતથી ક્રૂ મેમ્બર્સના એક વર્ગની હડતાળને કારણે ૧૭૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. એરલાઈને પહેલા ૨૫ ક્રૂ મેમ્બરને ટર્મિનેશન લેટર જારી કર્યા જેઓ રજા પર હતા અને પછી વાટાઘાટો બાદ તેમને પાછા લઈ ગયા.

ટાટા ગ્રૂપની માલિકીની એરલાઇન દરરોજ લગભગ ૩૮૦ ફ્લાઇટ્સનું સંચાલન કરે છે પરંતુ કેબિન ક્રૂના સભ્યો અચાનક રજા પર ગયા બાદ તેનું સંચાલન ઘટાડવાની ફરજ પડી હતી. એરલાઇનના એક અધિકારીએ શુક્રવારે કહ્યું હતું કે આગામી બે દિવસમાં સ્થિતિ સામાન્ય થવાની આશા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે સામૂહિક રજા પર રહેલા ક્રૂ સભ્યો કામ પર પાછા ફરી રહ્યા છે અને એરલાઇન તેમને ફિટનેસ સર્ટિફિકેટ મેળવવામાં મદદ કરી રહી છે, જે ફરજ પર પાછા ફરવા માટે જરૂરી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે મોટાભાગની આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ સાંજે ઓપરેટ થાય છે અને ક્રૂ સભ્યોની સંખ્યામાં વધારો થવાથી શુક્રવારથી આ મોરચે કામગીરીમાં સુધારો થવાની અપેક્ષા છે.


સરેરાશ એરલાઇન દરરોજ ૧૨૦ ઇન્ટરનેશનલ ફ્લાઇટ્સ અને ૨૬૦ ડોમેસ્ટિક ફ્લાઇટ્સનું સંચાલન કરે છે, જો કે છેલ્લા કેટલાક દિવસોમાં ફ્લાઇટ્સની સંખ્યામાં ઘટાડો થયો છે. ક્રૂની અછતને કારણે, એર ઇન્ડિયા એક્સપ્રેસે ગુરુવારે ૮૫ ફ્લાઇટ્સ રદ કરી હતી, જે તેની કુલ દૈનિક ક્ષમતાના લગભગ ૨૩ ટકા છે.

# દાભોલકરની હત્યા કેસમાં પુણે કોર્ટે ૨ શૂટરોને પુરાવાના અભાવે નિર્દોષ છોડયાં

પુણે

સામાજીક કાર્યકર્તા ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યાના કેસમાં મહારાષ્ટ્રના પુણેની વિશેષ અદાલતે ૧૧ વર્ષ બાદ પોતાનો ચુકાદો આપ્યો છે. આ ષડયંત્રના માસ્ટર માઈન્ડ ડૉ. વીરેન્દ્ર તાવડે અને અન્ય બે આરોપી વકીલો સંજીવ પુનાલેકર અને વિક્રમ ભાવેને અદાલતે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા છે.

દાભોલકરને ગોળી મારનાર શરદ કાલસ્કર અને સચિન એન્દુરને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે અને ૨૦ ઓગસ્ટે પૂણેના ઓમકારેશ્વર બ્રિજ પર મોર્નિંગ વોક માટે નીકળેલા દાભોલકરને ગોળી મારીને ૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ૨૦૧૩. કરવામાં આવ્યું હતું. આ કેસમાં પાંચ લોકોને આરોપી બનાવવામાં



**પુણે સેશન્સ કોર્ટે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ તમામ પાંચ આરોપીઓ સામે આરોપો ઘડ્યા હતા**

આવ્યા હતા. ગેરકાનૂની પ્રવૃતિઓ (નિવારણ) અધિનિયમ, એ.એ. સાથે સંબંધિત કેસ માટે વિશેષ અદાલતના વધારાના સેશન્સ જજ જાધવે આ નિર્ણય આપ્યો હતો.

# સાત વર્ષ બાદ રાહુલ અને અખિલેશ એક મંચ પર આવ્યા

નવી દિલ્હીતા.૧૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ શુક્રવારે ઈન્ડિયા બ્લોકની સંયુક્ત રેલી માટે એકસાથે આવ્યા હતા. આ ઘટના સાત વર્ષ બાદ બની છે. કૉંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સાથે ચૂંટણી લડી રહી છે ત્યારે રાહુલ ગાંધી અને અખિલેશ વચ્ચે સુમેળનો અભાવ પહેલેથી છે.

અખિલેશ યાદવે કન્નૌજ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી અને મુખ્યત્વે તેમને પોતાને મત આપવા વિનંતી કરી. તેમણે કહ્યું કે જ્યારે તેમણે મુખ્ય પ્રધાનનું નિવાસસ્થાન ખાલી કર્યું ત્યારે તેને 'ગંગા જળ'થી ધોવામાં આવ્યું હતું, તેમનું વ્યક્તિગત અપમાન કરવામાં આવ્યું હતું. પરંતુ રાષ્ટ્રીય મુદ્દાઓ પર વાત કરી ન હતી. બીજી તરફ, રાહુલ ગાંધીએ મોંઘવારી, બેરોજગારી અને અન્ય મુદ્દે મોદી સરકારની નિષ્ફળતા વિશે વાત કરી. તેમના ભાષણના અંતે, તેમણે નિશ્ચિતપણે કન્નૌજમાં અખિલેશ યાદવને જીતાડવાની અપીલ કરી. જો કે, સમાજવાદી પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર અખિલેશ યાદવની અમેઠી અથવા રાયબરેલીમાં પ્રચારની કોઈ યોજના નથી, જ્યાં ગાંધી પરિવારની પ્રતિષ્ઠા દાવ પર છે. સૂત્રોએ દાવો કર્યો હતો કે વિપક્ષને ચૂંટણીની મધ્યમાં ઓછામાં ઓછા એક વખત સારા સંબંધો બતાવવાની જરૂર હતી, તેથી રેલી યોજવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ વચ્ચેના સંબંધો ક્યારેય ખાસ કોઈ મીઠાં રહ્યા નથી. જો કે, બંને પક્ષોએ હંમેશા વાટાઘાટો માટે અવકાશ જાળવી રાખ્યો હતો. સમાજવાદી પાર્ટીએ હંમેશા અમેઠી અને રાયબરેલીમાં ઉમેદવારો ઉતારવાનું ટાળ્યું છે. કોંગ્રેસે ચૂપચાપ તેમની તરફેણ સ્વીકારી છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીની વોટ બેંક એક સમયે કોંગ્રેસનો આધાર હતો.

# અમૃતપાલસિંહ ડિબ્રુગઢ જેલમાં જ અપક્ષ તરીકે નોમિનેશન નોધાવશે

ચંડીગઢ,તા.૧૦

જેલના અધિક્ષકને જેલમાં જ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ ડિબ્રુગઢ જેલમાં બંધ અમૃતપાલ સિંહનું નામાંકન મળશે.પંજાબ સરકારે હાઈકોર્ટને જણાવ્યું કે અમૃતપાલ સિંહનું નોમિનેશનનું કામ સોમવારે પૂર્ણ થઈ જશે. આ માહિતી બાદ હાઈકોર્ટે અમૃતપાલ સિંહની અરજીનો નિકાલ કર્યો હતો.

વાસ્તવમાં, અમૃતપાલ સિંહે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અરજી કરી હતી અને તેમને ચૂંટણી નામાંકન માટે સાત દિવસ માટે મુક્ત કરવાનો આદેશ જારી કરવાની અપીલ કરી હતી.

અમૃતપાલે હાઈકોર્ટમાં કહ્યું કે તે ખડુર સાહિબ લોકસભા સીટ પરથી ચૂંટણી લડવા માંગે છે. આ માટે તેણે નોમિનેશન ભરવું પડશે, આવી સ્થિતિમાં તેને સાત




દિવસ માટે મુક્ત કરવાનો આદેશ જારી કરવામાં આવે. જો આ શક્ય ન હોય તો વિકલ્પ તરીકે ચૂંટણી પંચને જેલમાં જ ઉમેદવારી નોંધાવવાની વ્યવસ્થા કરવા સૂચના આપવી જોઈએ. તેમણે અપીલ કરી છે કે ડિબ્રુગઢની એચડીએફસી બેંક દ્વારા તરનતારનની એચડીએફસી બેંકમાં ખાતું ખોલવાની પરવાનગી આપવામાં આવે.

# ફતેહપુર સીકરી ખાતે આવેલી શેખ સલીમ ચિશ્તી દરગાહ માતા કામાખ્યા દેવી મંદિર હોવાનો દાવો કોર્ટમાં રજુ કરાયો

(જી.એન.એસ) આગરા,

ઉત્તર પ્રદેશના આગરામાં ફતેહપુર સીકરી ખાતે આવેલી શેખ સલીમ ચિશ્તી દરગાહ માતા કામાખ્યા દેવી મંદિર હોવાનો દાવો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. માતા કામાખ્યા દેવીના મૂળ ગર્ભગૃહને લઈને આગરા સિવિલ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. ગર્ભ ગૃહના દાવાનો આ દાવો સ્મોલ કોઝ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે, જ્યાં સંજ્ઞાન લઈને નોટિસ જારી કરવાનો



આદેશ આપવામાં આવ્યો છે. ૯ મે ગુરુવારના રોજ એડવોકેટ અજય પ્રતાપ સિંહે કોર્ટમાં આ દાવો દાખલ કર્યો છે. દાખલ કરાયેલી અરજીમાં માતા કામાખ્યા પ્લેસ, આર્ય સંસ્કૃતિ રક્ષાનમ ટ્રસ્ટ, યોગેશ્વર શ્રી કૃષ્ણ કલ્ચરલ રિસર્ચ ટ્રસ્ટ, ક્ષત્રિય શક્તિપીઠ ડેવલપમેન્ટ ટ્રસ્ટ અને એડવોકેટ અજય પ્રતાપ વાદી બન્યા છે.

તે જ સમયે, યુપી સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડ, મેનેજમેન્ટ કમિટી દરગાહ સલીમ ચિશ્તી અને મેનેજમેન્ટ કમિટી જામા મસ્જિદને આ કેસમાં પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે. ફતેહપુર સીકરી આગરાથી લગભગ ૩૫ કિલોમીટર દૂર છે, જ્યાં સલીમ ચિશ્તી દરગાહ મા કામાખ્યા દેવીનું મંદિર હોવાનો દાવો કરવામાં આવે છે.

એડવોકેટ અજય પ્રતાપ સિંહે કહ્યું કે સલીમ ચિશ્તી દરગાહ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. શૂટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ફતેહપુર સીકરીની દરગાહ માતા કામાખ્યા દેવીનું મૂળ ગર્ભગૃહ છે અને જામા મસ્જિદ સંકુલ એક મંદિર સંકુલ છે.

# યુરોપીયન યુનિયન માટે ભારત સાથેના સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ : રાજદૂત ડેલ્ફીન

લંડન

ઈયુના રાજદૂત હર્વ ડેલ્ફિને ભારત સાથેના સંબંધોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે ભારત એક એવો દેશ છે જેણે યુરોપિયન યુનિયન માટે ઘણું મહત્વ મેળવ્યું છે. આ ભાગીદારી વધુ ગાઢ બનશે.

ભારતમાં યુરોપિયન યુનિયનના રાજદૂત ડેલ્ફિન યુરોપ ડે નિમિત્તે એક કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. આ દરમિયાન, તેમણે કહ્યું, 'આ અશાંત વાતાવરણમાં, એક દેશ અને એક સંબંધ છે, જે યુરોપિયન યુનિયન માટે ખૂબ મહત્વ ધરાવે છે અને તે છે ભારત. યુરોપિયન યુનિયન માટે ભારત સાથેના સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

યુરોપમાં શાંતિ અને એકતાની ઉજવણી કરવા દર વર્ષે ૯ મેના રોજ યુરોપ ડેનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિદેશ મંત્રી એસ જયશંકરે ભાગ લીધો હતો. રાજદૂતે કહ્યું કે યુરોપમાં તેમને ભારત સાથે મજબૂત સંબંધો બનાવવાની વ્યૂહાત્મક સુસંગતતા અને મહત્વનો અહેસાસ થયો છે.

"યુરોપમાં અમે અમારા માટે, અમારા બંને માટે અને બાકીના વિશ્વ માટે ભારત સાથે મજબૂત સંબંધો બનાવવાની વ્યૂહાત્મક સુસંગતતા અને મહત્વને સમજ્યા છીએ," ડેલ્ફિને કહ્યું. અમારી ભાગીદારી મજબૂત બની છે અને અમને વિશ્વાસ છે કે આ ભાગીદારી વધુ ઊંડી અને વિસ્તરશે.




ભાવનગર આવૃત્તિ 8

તા.૧૧-૦૫-૨૦૨૪, શનિવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




## ધો.૧૨ બાદ ૧૦ના રિઝલ્ટમાં પણ ફિલગુડ: ભાવનગર જિલ્લાનું ૮૪.૬૧ ટકા પરિણામ

### સમગ્ર રાજ્યમાં મહુવાનું તલગાજરડા કેન્દ્ર અવ્વલ, જિલ્લાની ૫૬ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું







તસવીર : મૌલીક સોની

ભાવનગર,તા.૧૧

ધો.૧૨ બોર્ડની પરીક્ષાનું પરિણામ ઐતિહાસિક આવ્યા બાદ આજે જાહેર થયેલા ધો.૧૦નું પરિણામ પણ ઉંચુ આવ્યું છે, આથી વિદ્યાર્થીઓમાં ફિલગુડનો અહેસાસ થયો હતો. ભાવનગર જિલ્લાનું ૮૪.૬૧ ટકા પરિણામ આવ્યું છે જયારે મહુવાના તલગાજરડા કેન્દ્રએ સમગ્ર રાજ્યમાં અવ્વલ રહી રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

ભાવનગર જિલ્લામાં માર્ચ ૨૦૨૪માં લેવાયેલી ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષા બોર્ડની પરિણામ આજરોજ બોર્ડની વેબસાઈટ પર જાહેર થયું છે. જેમાં ભાવનગર જિલ્લાનું ૮૪.૬૧ ટકા પરિણામ નોંધાયું હતું. ગત વર્ષ કરતા આ વર્ષે ૧૫ ટકાનો વધારો થયો હતો.

માર્ચ-એપ્રિલ ૨૦૨૪માં લેવાયેલી ધો. જીજીઝની પરીક્ષાનું પરિણામ આજે શનિવારના રોજ સવારે ૮ કલાકે વેબસાઈટ પર ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર જિલ્લાનું ૮૪.૬૧ ટકા પરિણામ જાહેર થયું હતું. જેમાં ભાવનગર જિલ્લામાં ૧૦૦ ટકા પરિણામવાળી શાળાઓમાં ૫૬ શાળાઓ તથા ભાવનગર ૦% વાળી ૪ શાળાઓ નોંધાઈ હતી. ભાવનગર જિલ્લામાં જીજીઝ માં ૨૦૨૩માં ૬૯.૭૦ ટકા જેટલું નીચું પરિણામ નોંધાયું હતું, આ વર્ષે ૨૦૨૪ માં ૮૪.૬૧ જેટલું ઉંચું નોંધાયું હતું. આ વર્ષે ૧૫ ટકા જેટલું પરિણામ વધ્યું હતું.

ભાવનગર જિલ્લામાં જીજીઝની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થતાં જિલ્લામાં બોર્ડની પરીક્ષામાં કુલ ૨૭,૦૬૭ નોંધાયેલા માંથી ૨૬,૮૮૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં છ૧-૧૫૭૫, છ૨-૪૦૪૯, મ્૧-૫૧૨૭, મ્૨-૫૫૭૨, ઝ૧-૪૫૧૭, ઝ૨-૧૮૦૧, હ્-૧૦૨, ઈ૧-૨૦૪૨, ઈ૨-૧૨૯૬ ગ્રેડ મેળવ્યો છે.

## ચિત્રામાં બે ભાઈ ઉપર છરી વડે હુમલો

### ઇજાગ્રસ્ત ભત્રીજાના કાકા ઉપર પણ શખ્સોએ ઈંટ અને પથ્થરના ઘા ઝીક્યા



તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૧૧

ભાવનગરના ચિત્રા વિસ્તારમાં ઘર પાસે ઊભા રહેવા બાબતે જીઆઈડીસીમાં રહેતા બે ભાઈઓએ બે સગા ભાઈ ઉપર છરી વડે હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યા બાદ ઇજાગ્રસ્ત બંને ભાઈઓની ખબર કાઢવા જઈ રહેલા તેના બે કાકા ઉપર પણ પથ્થર અને ઈંટના ના ઘા કરી મોટરસાઈકલને નુકસાન કરતા બોરતળાવ પોલીસે જીઆઈડીસી વિસ્તારમાં રહેતા બે સગા ભાઈ વિરુદ્ધ અલગ અલગ બે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ચિત્રા વિસ્તારમાં આવેલ મફતનગર, બહુચરમાના મંદિર પાસે રહેતા મહેશભાઈ ધીરુભાઈ મોરી ગઈકાલે રાત્રિના ૮:૦૦ વાગ્યા આસપાસ તેમના ઘર પાસે ઊભા હતા તે દરમિયાન ચિત્રા જીઆઈડીસીમાં રહેતા શંકર ભુપતભાઈ બારૈયા અને તેનો ભાઈ દાઉદ બારૈયા તેમના ઘર પાસે આવી ઉભા હતા આથી મહેશભાઈ મોરીએ તેમને 'તમે લોકો અહીં કેમ ઊભા છો' તેમ પૂછતા ઉશ્કેરાઈ ગયેલા દાઉદે 'તારે શું કામ છે ? તું મને ઓળખતો નથી' તેમ કહીને છરી વડે હુમલો કર્યો હતો. દરમિયાન દેકરો તથા મહેશભાઈના નાના ભાઈ આશિષભાઈ પણ દોડી આવતા આ બંને શખ્સે તેને પણ ટીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડતા બંને ભાઈઓને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બનાવ બાદ ઈજાગ્રસ્ત મહેશભાઈના કાકા પંકજભાઈ માધાભાઈ મોરી અને તેના કૌટુંબિક ભાઈ વેલાભાઈ ભીમજીભાઈ મોરી તેમનું મોટરસાઈકલ લઈને ભત્રીજાની ખબર કાઢવા માટે હોસ્પિટલ જવા માટે ઉભા હતા તે દરમિયાન આ બંને હુમલાખોર ભાઈઓએ તેમની ઉપર પણ ઈટડા અને પથ્થરના ઘા ઝીકી માથાના ભાગે ઈજા કરી હતી તેમજ તેમની મોટરસાઈકલને પણ નુકસાન કરીને જતા રહ્યા હતા. આ બનાવમાં ઈજાગ્રસ્ત બંનેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના અંગે મહેશભાઈ ધીરુભાઈ મોરી અને તેના કાકા પંકજભાઈ માધાભાઈ મોરી એ હુમલો કરનાર બંને શખ્સ વિરુદ્ધ અલગ અલગ ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પાલીતાણામાં ડુંગર ઉપરના દબાણ હટાવી લેવાનું કહેતા જૈન આધેડ ઉપર હુમલો

### હુમલો કરનાર શખ્સના દીકરાએ પણ ધમકી આપી

ભાવનગર તા.૧૧

પાલીતાણાના તળેટી વિસ્તારમાં દેરાસરની સામેના ભાગે દુકાન નજીક મોટું ટેબલ મૂકી તેમ જ બે પલંગ મુકીને કરવામાં આવેલું દબાણ હટાવી લેવા વિનંતી કરતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સે ઉદ્ધત વર્તન કર્યું હતું તેમજ ઢીકાપાટુનો માર મારી ઈજા કરી હતી. તેમજ તેના દીકરાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપતા જૈન આધેડે પાલીતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ અમદાવાદના વતની અને પાલીતાણામાં છેલ્લા એક વર્ષથી રહીને ડોલી કામદારના ઉત્કર્ષ માટે સેવાકીય પ્રવૃત્તિ કરતા વિરેશભાઈ ફુલચંદભાઈ શેઠ ગઈકાલે સાંજે અમદાવાદથી પાલીતાણા આવ્યા હતા અને તળેટી દર્શન કરવા ગયા હતા તે દરમિયાન ૧૦૮ દેરાસર સામેના ભાગે આવેલ મનાભાઈ ભોપાભાઈ રાઠોડ ની દુકાનની બાજુમાં ટેબલ પર પાણીનો જગ મૂકી તેમ જ બે મોટા પલંગ પાથરીને દબાણ કરેલું હોય વિરેશભાઈએ તેમને આ દબાણ હટાવી લેવા વિનંતી કરતા મનાભાઈએ તેમની સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું અને મનાભાઈના દીકરાઓ એ પણ તેમને પાલીતાણા છોડી દેવા ધમકી આપી હતી.

આ બનાવ બાદ થોડીવાર પછી વિરેશભાઈ બાબુલના દેરાસરે હાજર હતા ત્યારે મનાભાઈએ આવીને તેમને ધક્કો મારી પછાડી દીધા હતા અને ટીકાપાટુનો માર મારી ઈજા કરી હતી. આ બનાવમાં ઈજાગ્રસ્ત વિરેશભાઈ ને સારવાર અર્થે પાલિતણાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવવા અંગે વિરેશભાઈ ફુલચંદભાઈ શેઠ એ મના ભોપાભાઈ રાઠોડ, ભરત રાઠોડ અને ધરમ મનાભાઈ રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## તળાજામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ચાર ઝડપાયા

ભાવનગર તા.૧૧

તળાજાની મેમણ કોલોનીમાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ચાર ઈસમોને તળાજા પોલીસે રોકડ રકમ સાથે ઝડપી લીધા છે.

તળાજા પોલીસ સ્ટાફ ગત રાત્રિના સમયે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન તળાજાના સરતાનપર રોડ પર આવેલ મેમણ કોલોની, હાજીભાઈની વાડીની ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ચાર ઈસમો અસ્ફાકભાઈ અશરફભાઈ ભાગવાણી, બાબુ રજાકભાઈ પોપટિયા, ઝૂબેર ઉર્ફે બિહારી મઝહરભાઈ શેખ અને આયુબ યુસુફભાઈ ભાગવાણી ને રોકડા રૂ.૫,૯૦૦/- સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## સિહોરમાં પાંચ વર્ષ પહેલાં સગીરા ઉપર દુષ્કર્મના કેસમાં સાવકા પિતાને આજીવન કેદ

ભાવનગર તા.૧૧

સિહોરના રામનગર, પ્લોટ વિસ્તારમાં રહેતા મૂળ ધારી, જિ. અમરેલીના વતની મુકેશ હરિભાઈ મકવાણા ( ઉં.વ. ૪૦ ) ના બીજી વખતના પત્ની સિહોર મુકામે મજૂરી કામ માટે આવ્યા હતા અને તેમની પ્રથમ પતિથી થયેલ સગીર પુત્રીને ગત તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ રસોઈ કરવા માટે સિહોર તેડી લાવ્યા હતા. દરમિયાન આરોપી મુકેશ હરિભાઈ મકવાણા એ તા.૦૧/૦૪ થી ૧૪/૦૪/૨૦૧૯ દરમિયાન તેમની બીજીવારની પત્નીની સગીર દીકરી સાથે દુષ્કર્મ અને જાતિય સતામણી કરી હતી.

આ બનાવ અંગે સગીરાના માતાએ શિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસે આઈપીસી કલમ ૩૭૬(૨) (એફ ) તથા પોકસોની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

આ બનાવ અંગેનો કેસ ભાવનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અને સ્પેશિયલ પોકસો જજ એમ.પી. મહેતાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વી.જી.મંડલિયા અને સી.એમ. પરમાર ની ધારદાર દલીલો, દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાને લઈને અદાલતે આરોપી મુકેશ હરિભાઈ મકવાણાને કસુરવાર ગણી આજીવન સખત કેદની સજા ફરમાવી છે,તેમજ રૂ.૨૦,૦૦૦/- નો દંડ અને દંડ ન ભરે તો વધુ બે વર્ષની કેદની સજા ફરમાવી છે. આ ઉપરાંત અદાલતે ભોગ બનનારને વિકટીમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ રૂ.૪,૫૦,૦૦૦/- વળતર ચૂકવવા પણ ભલામણ કરી છે.

## ગણેશ ચતુર્થીની ઉજવણી



તસવીર : મૌલીક સોની



ભાવનગર શહેર અને જિલ્લામાં ગણેશ ચતુર્થી પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ અષ્ટવિનાયક સિદ્ધિવિનાયક મંદિર ખાતે વહેલી સવારથી જ ગણપતિ બાપાના દર્શન માટે ભાવિકો ઉમટી પડ્યા હતા અને મંદિરમાં યોજાયેલ આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો.

